સ્કેનીંગ થયેલ છે. P.A.C Tech.) to M.C.SiV

રાજકોટ
મહાનગરપાલિકા

અંદાજપત્ર

વર્ષ : ૨૦૧૩–૨૦૧૪

રાજકોટ મહાનગરપાલિકા

અંદાજપત્ર ૨૦૧૩–૨૦૧૪

અનુક્રમણિકા

નં.	વિગત	ભાગ	પાના નં.
૧.	**મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની નોંધ**		૦૧ થી ૨૪
૨.	**મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની દરખાસ્ત**		૨૫ થી ૩૨
૩.	**સ્થાયી સમિતિના ચેરમેનશ્રીની નોંધ**		૩૩ થી ૪૮
૪.	**સ્થાયી સમિતિનાં ઠરાવ**		૪૯ થી ૫૬
૩.	**કોર્પોરેશન ફંડ એકત્રીત અંદાજપત્ર**		૦૧ થી ૦૧
૪.	**મહેસુલી અંદાજપત્ર**	ભાગ–૧	
	–મહેસુલી આવક અંદાજપત્ર	૧–અ	૦૨ થી ૦૮
	–મહેસુલી ખર્ચ અંદાજપત્ર	૧–બ	૦૯ થી ૩૩
૫.	**મુડી અંદાજપત્ર**	ભાગ–૨	
	–મુડી આવક અંદાજપત્ર	૧–અ	૩૪ થી ૩૫
	–મુડી ખર્ચ અંદાજપત્ર	૧–બ	૩૬ થી ૪૫
૬.	**અનામત અંદાજપત્ર**	ભાગ–૩	
	–અસાધારણ દેવું અંદાજપત્ર		૪૬ થી ૪૬
	–એસ્ટાબ્લીશમેન્ટ શેડયુલ		૪૭ થી ૪૯
	–સીકીંગ ફંડ અંદાજપત્ર		૫૦ થી ૫૦
	–પેન્શન ફંડ અંદાજપત્ર		૫૧ થી ૫૧

રાજકોટ મહાનગરપાલિકા

કમિશનરશ્રીની નોંધ

૧. પ્રાસ્તવિકઃ-

આ શહેરમાં વિકાસની અમૂલ્ય અને અસાધારણ તક છે અને આ એક જ કારણ છે કે સૌરાષ્ટ્રનાં ગ્રામીણ ઇલાકામાંથી લોકો આવીને અહીં વસવાટ કરવાનું પસંદ કરે છે. વધતી જતી વસ્તી સાથે માળખાકીય સુવિધાની સમયસર અને સમયબધ્ધ આપૂર્તિ કરવી મહાનગરપાલિકાની ફરજ છે. પ્રણાલિ મુજબ દર વર્ષે બજેટ રજૂ થાય ત્યારે એ માત્ર આવક જાવકનાં લેખાજોખા નથી, પરંતુ અત્યાર સુધીનાં વિકાસનો દસ્તાવેજ છે, અને ભવિષ્યનાં શહેરની બ્લૂ-પ્રિન્ટ છે.

પાયાની બાબતોનો વિકાસ (Back to Basics) પછી શિક્ષણ અને આરોગ્ય જેવી બાબતો પર ગત વર્ષે ભાર મુકવામાં આવ્યો, શહેરનાં આર્થિક રીતે પછાત વિસ્તારમાં આ દિશામાં આયોજનબધ્ધ કામ થયું. નવી આધુનિક સુવિધાયુક્ત આંગણવાડીઓ બની. પ્રાથમિક શિક્ષણને પ્રાધાન્ય અપાયું. આરોગ્ય સેવાઓ સુદ્રઢ બની, જેમાં નિદાન અને ઇલાજનો વ્યાપ અને ગુણવત્તા બહેતર બની. તદ્દન નિઃશુલ્ક મળતી આ સેવાઓથી શહેરનાં અનેક ગરીબોને લાભ થયો.

એ સ્વાભાવિક છે કે, મહાનગરપાલિકાની મુખ્ય જવાબદારીઓ રસ્તા, ગટર, લાઇટ, પાણી અને સફાઇ સુપેરે જળવાય, તેમાં ઉત્તરોત્તર વધારો થાય, એક સમાન સુવિધા વધે, એ માટે અમે સતત ચિંતા કરી છે. આ વર્ષે સુચિત સોસાયટીઓ, મફતિયાપરાઓ સહિત ઘણાબધા વિસ્તારમાં જે તે કાયદાઓની મર્યાદાઓમાંથી વ્યાજબી ઉકેલ કાઢીને પ્રાથમિક સુવિધા આપવાની પહેલ અમે કરી છે. જે આગામી વર્ષે પણ યથાવત્ ચાલુ રહેશે.


પરંતુ બે બાબતો પર આગામી વર્ષે વધારે ધ્યાન આપવું આવશ્યક છે. સૌને વિદિત છે જ કે ગત ચોમાસુ સમગ્ર સૌરાષ્ટ્રમાં નિષ્ફળ ગયુ છે. પરિસ્થિતિ એવી છે કે રાજકોટ નજીકનાં કે દૂરનાં કોઇ ડેમમાં એટલું પાણી નથી કે આગામી ઉનાળામાં તે લઇને વિતરણ કરી શકાય. પરંતુ રાજ્ય સરકાર દ્વારા નર્મદાનાં નીરનું સુદ્રઢ આયોજન છે જ અને મને ખાત્રી છે કે આપણે પુરતા દબાણથી અને પુરતા જથ્થામાં એકાંતરા પાણી વિતરણ કરી શકીશું. એ સ્વાભાવિક છે કે આગામી વરસાદનાં આગમન સુધી પાણી વિતરણ વ્યવસ્થાને સુચારુ રૂપથી જાળવી રાખવા ખાસ પ્રયત્નો કરવા પડશે, વિતરણ વ્યવસ્થામાં કેટલાક નવા સુધારા અને વધારાને પણ અવકાશ છે જ, પાણી પૂરવઠાની હયાત માળખાકીય સુવિધા, પમ્પીંગ સ્ટેશન, ફિલ્ટર પ્લાન્ટ, પાઇપલાઇન નેટવર્કને એ રીતે અધ્યતન કરવાની જરૂરિયાત છે કે જેથી વિતરણ વ્યવસ્થા વધારે કાર્યદક્ષ બનાવી શકાય. આવા ટોપ પ્રાયોરીટી પ્રોજેકટસનું આયોજન છે જ, એ સાથે આવનાંર વર્ષો માટે પણ રાજકોટનાં વિકાસને અનુરૂપ પાણી વિતરણ વ્યવસ્થા કેવી હોઇ શકે, તેનું આયોજન કરવાનો પણ આ અવસર છે. આ માટે Water Supply Audit and System Improvement વિષે સ્થાનિક તેમજ રાષ્ટ્રીય કક્ષાનાં નિષ્ણાંતો દ્વારા અભ્યાસ કરવામાં આવશે. આમ તો રાજકોટ શહેર પાણી પ્રત્યે સંવેદનશીલ છે અથવા કહીએ કે પાણી અહીં પ્રાણ પ્રશ્ન છે. એટલે સાંપ્રત પરિસ્થિતિને અનુલક્ષીને આખા બજેટમાં પાણીને પ્રાધાન્ય હોય જ, એ સ્વાભાવિક છે.

એક અન્ય વિષમ પરિસ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે, જે આગામી વર્ષોમાં ગંભીર સ્વરૂપ લેશે. વધતા જતા શહેર સાથે પરિવહનની સમસ્યાને સમયસર સંબોધવાની જરૂરિયાત છે. આપણે ગરીબ સ્થિતિમાં હોઇએ તો છકડો,

મધ્યમ સ્થિતિમાં હોઇએ તો મોટર સાયકલ અને ઉચ્ચ સ્થિતિમાં હોય તો કારમાં મુસાફરી કરવાનું પસંદ કરીએ છીએ. પરંતુ આ સ્થિતિ શહેરનાં સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. પ્રદૂષણ વધે છે અને કિંમતી ફયુઅલનો વ્યય થાય છે. વિકસિત શહેર એ છે કે જેમાં પૈસાદાર પણ પબ્લિક ટ્રાન્સપોર્ટમાં સફર કરતા હોય. રાજકોટ શહેરમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ ક્ષેત્રનું સાંપ્રત ચિત્ર સારું નથી. આ વર્ષે બી.આર.ટી.એસ. સેવાનો પ્રારંભ જરૂર થયો પરંતુ સ્થાનિક બસ સેવા ખોટકાય ગઇ. સીટી બસ સેવાને ફરીથી ચલાવવી અને સારી રીતે ચલાવવી તેમજ બી.આર.ટી.એસ.ને જોડતી શહેરની પૂર્વ-પશ્ચિમ દિશાઓ આવરી લેવાનું આવશ્યક બન્યું છે. પરંપરાગત સીટી બસ સેવા મહાપાલિકાની મરજિયાત સેવા છે, પરંતુ આ બાબતને ફરજિયાત ગણી, ટ્રાફિક પ્રદૂષણની સમસ્યા નિવારવા માટે પણ ખાસ જોગવાઇ કરી, આ દિશામાં નક્કર પગલા લેવા તરફ ભાર મુકવામાં આવ્યો છે.

આમ આ બજેટ પાણી પૂરવઠો સુદ્રઢ અને શહેરી બસ સુવિધા વિસ્તૃતિકરણ (Strenghtening of Water Supply and Expansion of City Bus service) નાં મધ્યવર્તી વિચાર સાથે રજૂ થઇ રહ્યું છે. શહેરી વિકાસના તમામ પાસાઓને સમગ્રતયા આવરી લેવા ઉપરાંત પાણી અને પરિવહન (Water Supply and Transport) ઉપર વિશેષ ધ્યાન આપતા વર્ષ ૨૦૧૨-૧૩ ની રિવાઇઝડ બજેટ અને વર્ષ ૨૦૧૩-૧૪ ની બજેટની દરખાસ્તો બી.પી.એમ.સી. એકટ-૧૯૪૯, કલમ-૯૫ અન્વયે સ્થાયી સમિતિમાં રજૂ કરી રહ્યો છું.

૨. નાણાંકીય આયોજનઃ-



(રકમ રૂા. લાખમાં)				કમિશ્નરશ્રી એ સુચવેલ	
વિગત	2009-10 ખરેખર	2010-11 ખરેખર	2011-12 ખરેખર	2012-13 રીવાઈઝ	2013-14 અંદાજ
રેવન્યુ બજેટ	21720.79	26844.29	28974.85	33949.84	39757.30
કેપીટલ બજેટ	14009.51	18003.72	16922.16	29669.85	67820.20
અસાધારણ બજેટ	984.00	1810.89	878.41	1012.00	1500.00
કુલઃ	36714.30	46658.90	46775.42	64631.69	109077.50

				કમિશ્નરશ્રી એ સુચવેલ	
હિસાબી સદર	ખરેખર			સુધારેલ અંદાજ	અંદાજ
	2009-10	2010-11	2011-12	2012-13	2013-14
પુરાંત બાકી	6836.86	11423.16	9573.95	13678.69	10906.37
મહેસુલી આવક	24451.07	28721.05	27736.03	34829.62	46132.10
મુડી આવક	15865.54	14277.75	22265.72	26017.74	50604.86
લોન આવક	0.00	0.00	0.00	0.00	0.00
કુલ આવક	40316.61	42998.80	50001.75	60847.36	96736.96
સિલકસહ આવક	47153.47	54421.96	59575.70	74526.05	107643.33
મહેસુલી ખર્ચ	21720.79	26844.29	28974.85	33949.84	39757.30
મુડી ખર્ચ	14009.51	18003.72	16922.16	29669.85	67820.20
કુલ ખર્ચ	35730.30	44848.01	45897.01	63619.69	107577.50
સિલક બાકી	11423.16	9573.95	13678.69	10906.37	65.83
સુચિત કરવેરા આવક	0.00	0.00	0.00	0.00	600.00
સુધારેલ સિલક	11423.16	9573.95	13678.69	10906.37	665.84
પુરાંત બાકી	4193.95	5157.24	5281.15	9561.56	14649.56
અનામત આવક	1947.29	1934.80	5158.82	6100.00	2100.00
અનામત જાવક	984.00	1810.89	878.41	1012.00	1500.00
સિલક	5157.24	5281.15	9561.56	14649.56	15249.56

રાજકોટ મહાનગરપાલિકાનું દેવું

(રકમ રૂા. લાખમાં)

અનુ. નં.	લોનની વિગત		૦૧–૦૪–૧૨ ની ખુલતી સિલક	વર્ષ દરમ્યાન આવેલ લોન	કુલ લોન	વર્ષ દરમ્યાન લોનની પરત ચુકવણી	૩૧–૦૩–૧૩ ના લોન બાકી
1	રાજય સરકારશ્રી						
	૧) વિકાસ કામે લોન (ફાયર વિસ્તૃતીકરણ)	(૦૭૨૧)	19.08	0.00	19.08	4.77	14.31
	૨) પાણી પુરવઠા માટે (અર્બન વોટર સપ્લાય)	(૧૬૦૬)	0.00	0.00	0.00	0.00	0.00
	૩) એન.એસ.ડી.પી.	(૨૭૫૪)	0.00	0.00	0.00	0.00	0.00
	૪) જી.એસ.ડી.એમ.એ.	(૨૭૬૧)	607.31	0.00	607.31	41.37	565.94
	રાજય સરકારશ્રી કુલ		626.39	0.00	626.39	46.14	580.25
2	ભાદર પાણી પુરવઠા યોજના એલ.આઈ.સી. મુંબઈ	(૦૭૨૪)	40.91	0.00	40.91	40.91	0.00
3	સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર (નર્મદા પાણી પુરવઠા માટે)	(૧૬૦૮)	0.00	0.00	0.00	0.00	0.00
7	યુનિયન બેંક ઓફ ઈન્ડીયા (આવાસ યોજના)		20.13	0.00	20.13	20.13	0.00
8	સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર (કર્મચારી મકાન લોન)	(૦૭૦૩)	0.00	0.00	0.00	0.00	0.00
10	ડીબેન્ચર પરત ચૂકવણી (યુનિયન બેંક લોન)		55.66	0.00	55.66	22.01	33.65
11	ડીબેન્ચર (આઈ.ઓ.બી.)		30.00	0.00	30.00	30.00	0.00
	કુલ લોન (રેગ્યુલર)		773.09	0.00	773.09	159.19	613.90
11	રાજય સરકારશ્રી (વિશ્વ બેંક)		543.00	0.00	543.00	0.00	543.00
12	૮૬–૮૭ની અછત લોન (રાજય સરકાર)		1715.34	0.00	1715.34	0.00	1715.34
	કુલ લોન (ડીસ્પ્યુટેડ)		2258.34	0.00	2258.34	0.00	2258.34
	કુલ દેવું		3031.43	0.00	3031.43	159.19	2872.24

વિશ્વબેંક તરફથી રાજય સરકારશ્રી દ્વારા પાણી પુરવઠા બોર્ડને મળેલ રૂા. ૫૪૩ લાખની તેમજ ૧૯૮૬–૮૭ની અછતમાં પાણીની કટોકટી વખતે ટ્રેઈન દ્વારા રાજય સરકારે પાણી પૂરૂં પાડેલ તેનાં રૂા. ૧૭૫૦ લાખની રકમ વિવાદમાં છે. આ રકમને ગ્રાંટ તરીકે ગણવા અંગે સરકારશ્રી સાથે યોગ્ય રજૂઆત ચાલુ છે.

અનુ.નં.૩ એન.એસ.ડી.પી. લોન માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર તરફથી રાજકોટ મહાનગરપાલિકાને મળવાપાત્ર જુદી–જુદી ગ્રાંટની રકમ સામે એડજસ્ટ કરી લોન પુરી કરવામાં આવેલ છે.

૩. કરવેરા દરખાસ્તઃ-

સામાન્ય રીતે મહેસૂલી આવકમાંથી મહાનગરપાલિકાની તમામ સેવાઓનાં નિભાવ-મરામત થવા જોઇએ, સાંપ્રત પરિસ્થિતિમાં સંચાલન ખર્ચ દિનપ્રતિદિન વધતો થાય છે. તેની સામે એકમાત્ર નોંધપાત્ર કહી શકાય તેવી મહેસૂલી આવક તરીકે કરવેરાની આવક જરૂરિયાતનાં પ્રમાણમાં વધતી નથી. JnNURM માં દર્શાવ્યા મુજબનાં રીફોર્મસમાં પણ મુખ્ય સેવાઓમાં અપાતી સબસીડીનું પ્રમાણ ઘટાડવા પર ભાર મુકવામાં આવ્યો છે. હાલમાં મુખ્ય સેવાઓ પર સબસીડીનું પ્રમાણ નીચે મુજબ છે.

આ તમામ સંજોગોમાં કરવેરા વધારવા એક માત્ર વિકલ્પ રહી જાય છે. પરંતુ સાંપ્રત અછતની સ્થિતિને અનુલક્ષીને કરવેરામાં વધારો ન કરતા કરવેરાની વસુલાત વધુ સુદૃઢ બનાવવાનાં આયોજન સાથે અંદાજપત્રમાં કોઇ નવા કરવેરા નાખવા કે પ્રવર્તમાન કરવેરામાં વધારો સૂચવવામાં આવ્યો નથી.

માત્ર વાહન વેરાની પધ્ધતિમાં ફેરફાર કરવાની દરખાસ્ત રજૂ કરી છે. રાજકોટ શહેરમાં વ્યકિતગત વાહનો છોડીને શહેરી પરિવહન સેવા તરફ લોકો વળે તે માટે જાગૃતિ કેળવવાનો હેતુ પણ તેમાં છે.

આર.ટી.ઓ.ની માહિતી પ્રમાણે દર વર્ષે ૫૫ હજાર વાહનોનો ઉમેરો થાય છે. પરિણામે ટ્રાફિક નિયમન માટે વધારે ખર્ચ કરવો પડે છે. તેને પહોંચી વળવા માટે વાહન વેરો વધારવાની જરૂરિયાત જણાય છે. હાલનો વેરો વાર્ષિક રૂા.૧૨ અને આજીવન રૂા.૧૨૦ જેવો નજીવો છે. ઉપરોકત દર વધારીને યાંત્રિક વાહનો માટે વાહનની કિંમતનાં ૧ % લેખે અને બિનયાંત્રિક વાહનો માટે કરમુક્તિ એટલે કે શૂન્ય દરે રાખવાનું સૂચવવામાં આવેલ છે. જેના પરિણામે આવકમાં રૂા.૬.૫૦ કરોડ જેવો વધારો થવાની ધારણા છે.

૪. વિકાસના કામોઃ-.

શહેરનાં નવવિકસિત વિસ્તારને શહેરી માળખાકીય સેવાઓથી જોડવા માટે વિવિધ કેન્દ્ર/રાજ્ય સરકારશ્રીની યોજના અંતર્ગત ઉપરાંત મહાનગરપાલિકા પોતાના સ્ત્રોતમાંથી વિકાસનાં કાર્ય હાથ ધરે છે.

૪.૧ બાંધકામ.

૪. ૧.૧ રસ્તા.

શહેરમાં નાના મોટા તમામ રસ્તાઓ મેટલીંગ, રીકાર્પેટ, રીસર્ફેસીંગની વિકમ જનક કામગીરી હાલમાં ચાલી રહી છે. આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ નાં રીવાઇઝડ બજેટમાં રૂા.૩૮૯૮ લાખ તેમજ વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૦૦૦ લાખની ફાળવણી કરી છે. આ ઉપરાંત આગામી વર્ષે સ્વર્ણિમ જંયતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ટી.પી. સ્કીમનાં મુખ્ય માર્ગો મેટલીગ/પેવર કરવા માટે રૂા.૬૦૪૦ લાખની માતબર જોગવાઇ કરવામાં આવી છે. સિમેન્ટ કોંકીટ રસ્તા પાછળ શરૂઆતી ખર્ચ વિશેષ હોય છે. પરંતુ તેવા રસ્તાની આવરદા દસ ગણી હોય છે, આગામી વર્ષે આ માટે રૂા.૧૦૦૦ લાખની ખાસ જોગવાઇ કરવામાં આવી છે.

૪. ૧.૨ ટ્રાફિક નિયમન.

ટ્રાફિક નિયમન શહેર પોલિસ અને મહાનગરપાલિકાની સંયુક્ત જવાબદારી છે. ટ્રાફિક પોલિસ સાથે સંકલનમાં રહી ટ્રાફિક સાઇનેઝ, સાઇનબોર્ડ, ટ્રાફિક આઇલેન્ડ/સર્કલ વગેરે કામ માટે આ વર્ષે રીવાઇઝડ

બજેટમાં રૂા.૧૬૮ લાખ અને આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૫૫ લાખનાં કામ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

૪. ૧.૩ સ્મશાન

શહેરની વસ્તીની સાપેક્ષ રાજકોટ શહેરમાં અંતિમ વિધિ માટે સ્મશાનોની સારી સુવિધા ઉપલબ્ધ છે. સ્મશાનમાં અગ્નિસંસ્કાર થતા હોય ત્યારે દૂર દેશ વિદેશમાં વસતા સ્વજનો અંતિમ વિધિ નિહાળી શકે તે માટે લાઇવ વેબ કાસ્ટીંગની સુવિધા રામનાથપરા તેમજ મોટા મૌવા સ્મશાનમાં આ વર્ષે જ કાર્યાવિન્ત થઇ જશે.

ચાલુ વર્ષમાં રામનાથપરા સ્મશાનમાં હાલની સુવિધામાં વધારો કરી ગેસ આધારિત એક યુનિટ તેમજ વધારાનાં બે વિજળી શક્તિ આધારીત યુનિટનું કામ હાથ ધરવામાં આવેલ છે. વધુમાં રૈયાખાતે ગેસ આધારીત સ્મશાન બનાવવા માટે વહિવટી કાર્યવાહી શરૂ થયેલ છે. તેમજ પૂર્વ ઝોનમાં મોરબી રોડ પર વધુ એક ગેસ આધારિત સ્મશાન બનાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સદરહુ કામે ચાલુ વર્ષે રીવાઝડ અંદાજ રૂા.૩૧૧ લાખ તેમજ વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૫૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

૪. ૧.૪ બાંધકામ ઇમારત મરામત.

મહાનગરપલિકાની વિવિધ ઇમારતો જેવી કે, કોમ્યુનિટી હોલ, સિવિક સેન્ટર, વોર્ડ ઓફિસ, આરોગ્ય કેન્દ્ર, સ્વીમીંગ પૂલ વિગેર બાંધકમ સુધારણા/મરામત અર્થે ચાલુ વર્ષે રીવાઇઝડ અંદાજ રૂા.૧૮૬ લાખ અને આગામી વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માં રૂા.૨૫૨ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૪.૧.૫ સોશ્યલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર.

સામાજિક પ્રસંગો કે કાર્યક્રમો માટે લોકોને સુવિધા મળી રહે તે માટે કોમ્યુનીટી હોલ અને ઓડિટોરિયમનાં બાંધકામ કરવામાં આવી રહ્યા છે. હાલ કોમ્યુનીટી હોલ અને બે ઓડિટોરિયમની વહિવટી પ્રક્રિયા ચાલી રહી છે. આગામી વર્ષમાં ચાર નવા કોમ્યુનીટી હોલ બાંધવામાં આવશે તેમજ પૂર્વ અને પશ્ચિમ ઝોનનાં ઓડિટોરિયમનો પ્રોજેકટ આગામી વર્ષે પૂર્ણ થશે આ માટે રીવાઇઝડ બજેટમાં રૂા.૬૯૬ લાખ તેમજ આગામી વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માં રૂા.૨૭૧૫ લાખની માતબર જોગવાઇ કરવામાં આવી છે.

૪.૧.૬ કોર્પોરેશન જમીન આરક્ષણ ખર્ચ.

મહાનગરપાલિકા હસ્તકનાં ટી.પી. પ્લોટસ તેમજ અન્ય જમીનમાં સામાજિક વનીકરણનાં ભાગ રૂપે વૃક્ષારોપણ કરીને વિકસાવવા માટે આવા પ્લોટસમાં કમ્પાઉન્ડ વોલ/વાયર ફેન્સીંગ કરવા માટે ચાલુ વર્ષે રૂા.૧૧૬ લાખ અને આગામી વર્ષે રૂા.૨૫૨ લાખની જોગવાઇ સૂચવવામાં આવી છે.

૪.૧.૭ નાલા, પુલો, દુરસ્તી તથા નવા પુલો બાંધકામ.

શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં આવેલા નાલા, પુલો રીપેરીંગ કામે ચાલુ વર્ષે રૂા.૪૫ લાખનો ખર્ચ થશે. શહેરનાં ટ્રાફિકને ધ્યાનમાં લઇને નાલા પુલો દુરસ્તી તેમજ પહોળા કરવા માટે આગામી વર્ષે રૂા.૧૪૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૪.૨ પાણી પૂરવઠા યોજના.

રાજકોટ શહેરની પાણીની દૈનિક જરૂરીયાત સામાન્ય વર્ષમાં ૫૦૦ લાખ ગેલન છે. જે જથ્થો ભાદર, આજી-૧, ન્યારી-૧, ન્યારી-૨, લાલપરી, રાંદરડા જળાશયો તેમજ નર્મદા કેનાલ આધારિત પાણી પૂરવઠા લાઇન દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે.

૪.૨.૧ અપૂરતા વરસાદની વિષમ પરિસ્થિતિમાં નજીક જળાશયોમાં પાણી ન હોવાને કારણે હવે આપણે સંપૂર્ણ રીતે નર્મદા પાઇપ લાઇન પર આધારિત છીએ, સ્વાભાવિક છે કે આ પાણી સ્થાનિક જળસ્ત્રોતની સરખામણીમાં ઘણું મોંઘુ છે.

૪.૨.૨ તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત પાણી પૂરવઠાના ઘણાં કામો હાથ ધર્યા છે. જે પૈકી અમુક કામો પૂર્ણ થયેલ છે. અને બાકીના કામો અલગ-અલગ તબક્કાઓમાં ગતિમાં છે. વર્ષ ૨૦૧૨-૧૩ માં વોર્ડ નં.૩ તથા ૪માં રેલનગર પોપટપરા ઇ.એસ.આર./જી.એસ.આરનું કામ પૂર્ણ કરી કાર્યાન્વિત કરવામાં આવું છે. શહેરનાં પાણી પૂરવઠાને સુદ્રઢ કરવાના ભાગરૂપે અલગ અલગ હેડ વર્કસને જોડવાના ભાગરૂપે અંદાજીત રૂા૧૮ કરોડના ખર્ચે એક્સપ્રેસ ફિડર વોટર સપ્લાય મેઇન પાઇપ લાઇન નાખવાનું કામ હાલ ગતિમાં છે. જે આગામી ડીસેમ્બર-૨૦૧૩ સુધીમાં પૂર્ણ થયે પાણી ટ્રાન્સફરમાં મદદરૂપ થશે. વોર્ડ નંબર-૧૪ તથા વોર્ડ નંબર-૧૩ માં પાર્ટ વિસ્તારોમાં ડક લાઇન આર્યન તથા યુ-પી.વી.સી. પાઇપ લાઇનનું નવું નેટવર્ક બનાવવાનું કામ ગતિમાં છે. વોર્ડ નંબર-૩ તથા ૪ માં ડક લાઇન આર્યન તથા યુ-પી.વી.સી. નવું વોટર સપ્લાય નેટવર્ક કરવા માટે વર્ષ ૨૦૧૩-૧૪ નાં બજેટમાં અંદાજીત રૂા.૧૦.૮ કરોડની જોગવાઇ રાખવામાં આવેલ છે. જે કામ હાલ પ્રગતિમાં છે.

૪.૨.૩ હાલમાં શહેરમાં અછતની પરિસ્થિતિ ધ્યાને લઇ શહેરમાં આવેલ હૈયાત જાહેર હેન્ડપમ્પ (ડંકી) રીપેર કરી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. તેમજ જરૂરિયાત મુજબ નવા હેન્ડપમ્પો (ડંકીઓ) કરવાનું આયોજન વોટર સપ્લાય ઇમરજન્સી બજેટ સદર હેઠળ કરવામાં આવેલ છે. તેમજ ઉનાળાના સમયમાં પાણીની ઘટને પહોંચી વળવા રાજકોટ શહેરની આસપાસના લાલપરી, રાંદરડા, આણંદપર જળાશય વિસ્તારમાં બોર કરી ઘટતા પાણીનો જથ્થો પૂરો પાડવા આયોજન કરવામાં આવ્યું છે. જે પૈકી નવા બોર કરવા અને નિભાવ મરામત કરવા રિવાઇઝડ બજેટમાં રૂા.૫૦ લાખ અને વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૦૦ લાખની જોગવાઇ કરીને આયોજન કરવામાં આવ્યું છે. વોર્ડ નંબર-૩/૪ માં આવેલ ઇ.એસ.આર./જી.એસ.આર. માં પાણી પહોંચાડવા માટે ધંટેશ્વર ફિલ્ટર પ્લાન્ટ સુધી રૂા.૨.૩૫ કરોડનાં ખર્ચે BWSC 500MM ડાયામીટર પાઇપલાઇન નાખવામાં આવેલ છે. વોર્ડ નંબર-૧૪ માં ડી.આઇ. મેઇન લાઇન નાખવાનું કામ રૂા.૯.૪૧ કરોડ નાં ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. ૧૫૦ ફુટ રોડ પમ્પીંગ સ્ટેશનથી ચંદ્રેશનગર પમ્પીંગ સ્ટેશન ખાતે પાણી ટ્રાન્સફર કરવા માટે રૂા.૩.૪૯ કરોડનાં ખર્ચે ૬૧૦ MM ડાયામીટરની પાઇપલાઇન નાખવાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

૪.૨.૪ પ્રવર્તમાન અછતની પરિસ્થિતિમાં ઇમરજન્સી ધોરણે નર્મદા પાઇપલાઇન NC-20 પ્રોજેક્ટ અંતર્ગત વધુ પાણી મેળવવાનું થતા, તેનો સંગ્રહ કરવા શહેર નજીક આવેલ ઇશ્વરીયા પાસે રૂા.૧.૦૩ કરોડના ખર્ચે ૩ MLD ની ક્ષમતાનો જી.એસ.આર. તથા પમ્પીંગ સ્ટેશન બનાવવામાં આવેલ છે. ઇશ્વરીયા પમ્પીંગ

સ્ટેશનથી ન્યારી-૧ પાસે ૭૧૧ MM સ્ટીલ પાઇપ જોડાણ કરી ન્યારી ફિલ્ટર પ્લાન્ટ ખાતે પાણી ટ્રાન્સફર કરવા માટે નાખવામાં આવ્યો છે. આજી ફિલ્ટર પ્લાન્ટ તથા આજી-૧ ડેમ સાઇટ ખાતેથી હયાત મશીનરી ઘણી જૂની હોય, તેને બદલવાનું કામ રૂા.૩૪૨ લાખના ખર્ચે હાથ ધરવામાં આવ્યું છે. રાજકોટ ઝૂઓલોજિકલ પાર્ક ખાતે પાણી વ્યવસ્થા કરવાના ભાગ રૂપે ૫ લાખ લીટરની ક્ષમતાનો જી.એસ.આર. બનાવવાનું, પમ્પીંગ મશીનરી મુકવાનુ, પેનલ રૂમ બનાવવાનું, પાઇપલાઇન નાખવાનું, હાઇડ્રન્ટ ઉભા કરવાના કામે રૂા.૯૦ લાખની જોગવાઇ આગામી બજેટમાં કરવામાં આવી છે. શહેરના કેટલાક પછાત વિસ્તારોમાં તથા પાઇપ લાઇન નેટવર્કની સુવિધા ન ધરાવતાં વિસ્તારોમાં ટેન્કર દ્વારા પાણી વિતરણ અર્થે ચાલુ સાલનાં રીવાઇઝડ બજેટમાં રૂા.૭૭ લાખ તથા વર્ષ ૨૦૧૩-૧૪માં રૂા.૮૫ લાખની જોગવાઇ રાખવામાં આવી છે.

૪.૨.૫ JnNRUM અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪ માં ભવિષ્યનાં આયોજનનાં ભાગ રૂપે રૂા.૨૦ કરોડનાં વિવિધ કામો જેવા કે બેડી વોટર ફિલ્ટર પ્લાન્ટ તથા વોર્ડ નં૧૨માં યુનિવર્સીટી રોડ, વોર્ડ નં૨૧ માં જેટકો ચોકડી વોર્ડ નં.૧૫માં જીલ્લા ગાર્ડન વોર્ડ નં.૧૦માં અમીનમાર્ગ, વોર્ડ નં.૧૭ માં માંડાડુંગર ખાતે હેડવર્કસ બનાવવા જોગવાઇ રાખવામાં આવેલ છે.

૪.૨.૬ વોટર ઓડિટ એન્ડ સિસ્ટમ ઇમ્પ્રુવમેન્ટ:

એન્જીનીયરીંગ ઉદ્યોગ, ચાંદીનાં ઘરેણાં શિક્ષણ સંસ્થાન તેમજ ખાદ્યતેલ માટે જાણીતા રાજકોટ શહેરમાં પીવાનાં પાણીની તંગી પણ આગવી ઓળખ બની ગઇ છે. છેલ્લા દશ વર્ષનાં એકધારા સારા ચોમાસા બાદ આ વર્ષે પહેલી વાર અછતની પરિસ્થિતિ આવી છે. પાણીની તંગીને કારણે રાજકોટનો વિકાસ રૂંધાય નહીં તે માટે એક વ્યવસ્થિત આયોજન કરવાનો આ સમય છે. પાણી કયાંથી મળી શકશે ? કેટલા પ્રમાણમાં ? એ માટે સંગ્રહ શકિત છે કે કેમ ? વિતરણમાં શું સુધારા થઇ શકે ? કઇ રીતે પાણી ચોરી કે પાણી વેડફાટ અટકાવી શકાય ? કઇ રીતે પાણીનું સમાન વિતરણ થઇ શકે ? આ માટે આગામી વર્ષોનાં એકશન પ્લાનનો ઝીણવટ ભર્યો વૈજ્ઞાનિક દસ્તાવેજ તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેના મુખ્ય હેતૂઓ નીચે દર્શાવ્યા મુજબ છે.

૧. મુખ્ય લાઇન અને વિતરણ વ્યવસ્થાની કાર્યક્ષમતા વધારવી જેમાં લીકેજની ઝીણવટભરી માહિતીનો અભ્યાસ અને તે પરથી નેટવર્કને સુદ્રઢ બનાવવુ શામેલ છે. વિતરણ વ્યવસ્થાનાં નાનામાં નાના એકમ સુધી ફલોમીટર મુકવાથી પાણીની આવકજાવક નું ઝીણવટ ભર્યું ચિત્ર મળી શકે. તે પરથી વિતરણ વ્યવસ્થામાં સુધારો થઇ શકે.

૨. સમાન ધોરણે વિતરણ વ્યવસ્થા પાણી વિતરણની વ્યવસ્થા સતત બદલાતી રહે છે, નવા કનેકસન અપાય છે, નાના મકાનનાં સ્થાને હાઇરાઇઝ બિલ્ડીંગ બને તેથી જરૂરિયાત અનેક ગણી વધી જાય છે. આવી વ્યવસ્થામાં એ સ્વાભાવિક છે કે કયાંક વધારે, કયાંક ઓછું, કયાંક જરૂરિયાતથી વધારે દબાણથી પાણી મળે, કયાંક દબાણ સાવ ધીમુ હોય આ સંજોગોમાં આવા સ્થળો પર રોજબરોજનાં આંકડા, રીપોર્ટ, ફરિયાદનું પૃથ્થકરણ વાલ્વ ઓપરેશન સહિતનાં સુધારાવધારા કરવાનું આયોજન કરવુ જરૂરી છે.

૩. પાણીની જાળવણીઃ પાણી અમૂલ્ય છે, એનો જરૂરિયાત પૂરતો જ ઉપયોગ થવો જોઇએ, એ માટે લોક જાગૃતિનાં કાર્યક્રમો, શૈક્ષણિક સંથાઓમાં સેમીનાર, મિડીયા એડવર્ટાઇઝીંગ વગેરેનાં આયોજનબદ્ધ નિયમિત કાર્યક્રમો કરવા.

૪. નિભાવ/મરામત માટેની વ્યવસ્થા સુધારવા સ્કાડા (સુપરવાઇઝરી કટ્રોલ એન્ડ ડેટા એકવીઝીશન એટલે આંકડાકીય માહિતીનાં આધારે આખી વિતરણ પ્રણાલિ પર નિયંત્રણની વ્યવસ્થા કરવાનું આયોજન કરવુ જરૂરી બન્યુ છે. ભાદર, આજી, ન્યારીનાં ઇન-ટેક વેલ ઉપર આવી વ્યવસ્થા ગોઠવી અને તે પ્રમાણે પગલા લેવા માટે કાર્ય કરવુ જરૂરી બન્યા છે.

૫. લાંબા સમયની વ્યુહ રચનાઃ ભાવિ જરૂરિયાત માટે નવો ડેમ બાંધવો, હાલનાં ડેમમાંથી કાંપ ઉલેચવા, નજીકનાં દરિયામાંથી પાણી લઇને તેને ક્ષાર-મુકત કરી, પીવાનાં પાણી તરીકે વાપરવું, ફાયર બ્રિગેડ/બાગ બગીચાનાં ઉપયોગ માટે ગંદા પાણીને ટ્રીટમેન્ટ આપી, રી-સાયકલ કરી પુનઃ ઉપયોગમાં લેવું વગેરે પગલા સામેલ છે.

૬. પાણીનું ઓડિટઃ પાણી વિતરણ વ્યવસ્થાનું ઓડિટ થાય તે જરૂરી છે તે માટે નિષ્ણાંત ઇજનેરી એજન્સીને રોકવાનો અને તેમના દ્વારા રજૂ થયેલા ઓડિટ રિપોર્ટનાં આધારે જરૂરી સુધારા વધારા કરવાના પગલાં લેવાનું આયોજન છે.

૪.૩ ડ્રેનેજ

સને ૧૯૯૮માં શહેરમાં મવડી, નાના મવા અને રૈયા ના વિસ્તારો ભેળવવામાં આવતા તેમજ આ નવા ભેળવાયેલ વિસ્તારોમાં કોઈ પણ પ્રકારની માળખાકીય પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ ન હોય, મહાનગરપાલિકા દ્વારા પાણી, રસ્તા, લાઈટ અને ગટરની સુવિધા પ્રાયોરીટીનાં ધોરણે પૂરી પાડવાના ભાગ રૂપે આ વિસ્તારો પૈકી વસવાટ થયેલ આશરે ૧૫ ચો.કી.મી. જેટલા વિસ્તાર માટે ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૩ પાર્ટ-૧ તૈયાર કરી અને ૨૦૦૨-૦૩ થી અમલ શરૂ કરવામાં આવ્યો. તે દરમ્યાન સને ૨૦૦૫ માં ભારત સરકાર દ્વારા JnNURM (જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન) યોજના અમલમાં આવતા આ JnNURM યોજના હેઠળ સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવી અને આગળની કામગીરી હાથ ધરવામાં આવી. આ યોજના હેઠળની મોટા ભાગની કામગીરી પૂર્ણ થઇ છે. ૦

શહેરનાં વિકાસને ધ્યાને લઈને સમગ્ર શહેરને ભૂગર્ભ ગટરની સૂવિધા પૂરી પાડવાની નેમ સાથે શહેરના બાકી રહેતા તમામ વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની સૂવિધા આપવા સુદઢ આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૧ અને ફેઈઝ-૨ પાર્ટ-૧ (મુખ્યત્વે હાલનો સેન્ટ્રલ ઝોન)માં સમાવિષ્ટ ૪૦ ચો.કી.મી. જેટલા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજના કાર્યરત છે. જેમાં ૭ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો તથા ૪૪.૫ એમ.એલ.ડી. ક્ષમતાનો ૧ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માધાપર ખાતે હાલ કાર્યરત છે. વધુમાં JnNURM હેઠળ મંજૂર થયેલ ડ્રેનેજ પ્રોજેકટ ફેઈઝ-૨ પાર્ટ-૧ અંતર્ગત માધાપર ખાતે ૪૪.૫ એમ.એલ.ડી. ક્ષમતાનો વધારાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણતાના આરે છે. આ કામના ખર્ચની જોગવાઈ વર્ષ ૨૦૧૩-૧૪ ના બજેટમાં કરવામાં આવેલ છે.

ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૩, પાર્ટ-૧ હેઠળ (રૈયા- પાર્ટ, નાના મવા- પાર્ટ, મવડી- પાર્ટ - મુખ્યત્વે હાલના વેસ્ટ ઝોન પૈકીના વિસ્તાર)માં મોટા ભાગની કામગીરી પૂર્ણ થયેલ છે. જેમાં ૩ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો તથા ૫૧ એમ.એલ.ડી. ક્ષમતાનો ૧ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૈયા ખાતે હાલ કાર્યરત છે.

ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૨, પાર્ટ-૨ હેઠળ (વોર્ડ નં. ૨, ૩, ૫, ૬, ૧૬, ૧૭, ૧૮-પાર્ટ, ૨૩-પાર્ટ માટે) રૂા.૧૯૨ કરોડનો ડી.પી.આર. JnNURM હેઠળ મંજુર થયેલ છે. જે અંતર્ગત ડ્રેનેજ કલેકટીવ સીસ્ટમ (મેઈન પાઈપલાઈન), રાઈઝીંગ મેઈન પાઈપ લાઈન નાખવાની તથા ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનોના બાંધકામની કામગીરી હાલ ચાલુ છે. જેમાં ૮ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો તથા ૭૦ એમ.એલ.ડી. ક્ષમતાનો ૧ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ગવરીદડ ખાતે બનાવવામાં આવશે.

ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૩, પાર્ટ-૨ હેઠળ ((રૈયા-પાર્ટ, નાના મવા-પાર્ટ, મવડી-પાર્ટ - મુખ્યત્વે હાલના વેસ્ટ ઝોન પૈકીના બાકી રહેતા વિસ્તાર વોર્ડ નં. ૧-પાર્ટ, ૧૧-પાર્ટ, ૧૩-પાર્ટ, ૨૧-પાર્ટ માટે) રૂા.૧૫૨ કરોડનો ડી.પી.આર. તૈયાર કરાયેલ છે. અને "સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" (SJMMSVY) હેઠળ આ યોજનાની કામગીરી હાલ ચાલુ છે. જે અંતર્ગત ડ્રેનેજ કલેકટીવ સીસ્ટમ (મેઈન પાઈપલાઈન) નાખવાની કામગીરી હાલ ચાલુ છે. જેમાં ૪ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો તથા ૫૬ એમ.એલ.ડી. ક્ષમતાનો ૧ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૈયા ધાર ખાતે બનાવવામાં આવશે.

અન્ય શહેરોની સરખામણીએ રાજકોટ શહેરનુ ભૂતળ સખત અને ખડકાળ હોય, ડ્રેનેજ કામો માટે સક્ષમ કોન્ટ્રાકટર્સ ઓછો રસ ધરાવતાં હોય સમગ્ર પ્રોજેકટ પૂર્ણ કરવા માટે આયોજિત સમયથી વિશેષ સમય પસાર થાય છે. ઉપરોકત વિગતે બન્ને ડી.પી.આર. મુજબની કામગીરી પૂર્ણ થયેથી શહેરના તમામ વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની સુવિધા ઉપલબ્ધ થઈ શકશે.

૪.૪ સોલીડ વેસ્ટ

હાલમાં વોર્ડમાં મિત્ર મંડળ દ્વારા ઘરે ઘરેથી કચરાનું એકત્રીકરણ તથા માર્ગોની સફાઇ કરવાની કામગીરી કરવામાં આવે છે. તેને માટે આગામી બજેટમાં રૂા.૭૯૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

રાજકોટ શહેરના તમામ વિસ્તારમાં કુલ-૫૩ સખી મંડળ દ્વારા ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી કરવામાં આવે છે. જે અંતર્ગત રૂા.૧૯૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

કચરાપેટી પોતે જ ન્યૂસન્સ પોંઇટ થઇ જાય છે. તે સંજોગોમાં રાજકોટ શહેરને કચરાપેટી વિહિન (Binless) કરવાનું આયોજન કરવામાં આવ્યું છે પ્રથમ પ્રયોગ રૂપે હાલમાં વોર્ડ નં. ૦૨,૧૦,૦૭,૧૬,૧૭ અને ૨૩ આમ કુલ -૦૬ વોર્ડમાં ૪૨-નંગ મીનીટીપર દ્વારા ઘરે-ઘરેથી કચરો એકઠો કરવામાં આવે છે, આ મીનીટીપરમાં આવતો કચરો સીધો ટ્રાન્સફર સ્ટેશને રાખવામાં આવેલ મોટા ડમ્પરોમાં ખાલી કરવામાં આવતો હોય, વોર્ડ વિસ્તારમાં રહેલ બંધ કચરાપેટી ઉપર કચરાનું ભારણ ઘટી જાય છે અને બંધ કચરાપેટીની સંખ્યામાં ઉત્તરોતર ઘટાડો થાય છે. આ તમામ મીનીટીપરમાં "જી.પી.એસ." સીસ્ટમ

લગાડવામાં આવી છે, જેથી તમામ મીનીટીપરનાં સ્થળની જાણકારી મેળવી શકાય છે, તથા તેનું સંચાલન સારી રીતે થઇ શકે છે. જે છ વોર્ડમાં મીનીટીપર ચાલી રહયા છે ત્યાં પરિણામ ઘણાં જ સારા જોવા મળ્યા છે આ વોર્ડમાં કચરાપેટીની સંખ્યા ૮૦% સુધી ઘટાડવામાં આવી છે. આ જ પધ્ધતિને આગળ વધારતા આગામી વર્ષે વધારાના ૦૬-વોર્ડમાં નંગ-૫૦ મીનીટીપર દ્વારા ઘરે ઘરેથી કચરો એકઠો કરવા માટેના ખર્ચની આગામી બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

હાલમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટ્રક માઉન્ટેડ વેકયુમ મશીન નંગ - ૦૩ ખરીદવામાં આવ્યા છે. આ સ્વીપીંગ મશીનની મદદથી રાજકોટના મુખ્ય માર્ગોના ડીવાઇડરોની સફાઇ ખૂબજ સારી રીતે થાય છે. આ મશીનમાં પણ "જી.પી.એસ." સીસ્ટમ લગાડવામાં આવી છે. આગામી બજેટમાં વધારાના ટ્રક માઉન્ટેડ વેકયુમ મશીન નંગ - ૦૪ ખરીદવામાં આવનાર છે.

આગામી બજેટમાં પ્રથમવાર કલોઝડ કન્ટેનર લીફટીંગ કોમ્પેકટર મશીન નંગ-૦૨ ખરીદ કરવાની જોગવાઇ કરવામાં આવી છે. આ કોમ્પેકટર મશીનથી એક સાથે પાંચ થી છ બંધ કચરાપેટીનો કચરો ઉપાડી શકાશે. ટ્રાન્સપોર્ટેશન વધારે કાર્યક્ષમ થશે અને સમય તથા ડીઝલનો બચાવ થઇ શકશે.

"સ્વર્ણિમ ગુજરાત" અંતર્ગત રૂા.૨૦૫૦ લાખના ખર્ચે આગામી સાલ દરમ્યાન નવા ટ્રક માઉન્ટેડ સ્વીપીંગ મશીન-૦૪, બંધ કચરાપેટી-૨૦૦ નંગ, મીનીટીપર ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન માટે-૫૦ નંગ, કોમ્પેકટર મશીન-૦૨ નંગ, વ્હીલબરો-૫૦૦ નંગ, ડમ્પર પ્લેસર-૦૮ નંગ, ૧૪ કયુબીક મીટર ડમ્પર -૦૬ નંગ, ૧૦કયુબીક મીટર ડમ્પર-૦૬ નંગ, ૦૪ કયુબીક મીટર ટીપર-૦૫ નંગ, ટ્રેકટર-ટ્રોલી-૦૨ નંગ, ઓપન ડેફીકેશન કલીનીંગ મશીન-૦૬ નંગ, લોડર કમ એસ્કેવેટર-૦૪ નંગ ખરીદવામાં આવનાર છે.

હાલમાં બંને ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનનું રૂા.૭૦૦ લાખના ખર્ચે આધુનિકરણ કરી સેમી-કલોઝડ રીફયુઝ ટ્રાન્સફર સ્ટેશનમાં કન્વર્ટ કરવાનું આગમી બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકાની રજિસ્ટર્ડ સોસાયટીઓની સફાઇલક્ષી કામગીરી માટે સોસાયટીઓને ગ્રાન્ટ આપવામાં આવે છે. જે અંતર્ગત રૂા.૭૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૪.૫ સ્ટ્રીટ લાઇટ :

શહેરમાં સ્ટ્રીટલાઇટ સુવિધા આપવામાં રાજકોટ મહાનગરપાલિકા રાજ્યમાં મોખરે છે. હાલમાં શહેરમાં અંદાજીત ૪૩,૭૦૦ નંગથી વધુ સ્ટ્રીટલાઇટ છે. તેમજ આગામી વર્ષમાં અંદાજીત ૩૦૦૦ નંગ નવી સ્ટ્રીટલાઇટ ઇન્સ્ટોલ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

ગત વર્ષ દરમ્યાન શહેરમાં પશ્ચિમ ઝોનમાં ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર રામાપીર ચોકડીથી રૈયાધાર WTP સુધીના રોડ ઉપર સેન્ટ્રલ સોડીયમ લાઇટની કામગીરી ઉપરાંત સેન્ટ્રલ ઝોનનાં ચાર રસ્તાઓને સાઇડ સોડીયમ લાઇટથી પ્રકાશિત કરવામાં આવ્યા છે. તે ઉપરાંત ૮૦ ફુટ રોડ ઉપરના સોડીયમ ફીટીંગ રીપ્લેસમેન્ટ કરવાની કામગીરી ચાલુ છે.

રૂા.૨૮૫ લાખનાં ખર્ચે રાજકોટ શહેરના માધવરાવ સિંધીયા ક્રિકેટ ગ્રાઉન્ડમાં નેશનલ લેવલ સ્પોર્ટસ ફ્લડ લાઇટીંગ કામનો ડ્રીમ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે. જેનાથી ગુજરાત રાજ્યમાં રાત્રી મેચ રમવાની સગવડ ધરાવતું ત્રીજા નંબરનુ સ્ટેડીયમ ધરાવવાનું રાજકોટ શહેર ગૌરવ લઇ શકશે.

દરમ્યાન શહેરના સ્ટ્રીટલાઇટ કંટ્રોલ યુનીટમાં એસ્ટ્રોનોમીકલ ટાઇમર યુનીટ ઇન્સ્ટોલ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. જેનાથી સુર્યોદય અને સુર્યાસ્ત સમયમાં થતા ફેરફારને અનુલક્ષીને ઓટોમેટીકલી સ્ટ્રીટલાઇટ ચાલુ બંધ થશે.

આગામી વર્ષમાં શહેરમાં ૨૪.૦૦ મીટર કે તેથી વધુ પહોળાઇના રસ્તાઓ પર રોડ ડિવાઇડર તૈયાર થયે, સેન્ટ્રલ સોડીયમ લાઇટીંગનું આયોજન છે. જેમાં નાનામવા ચોકથી નાનામવા ગામ, કાલાવડ રોડ જકાતનાકાથી અંબિકા ટાઉનશીપ, રૈયામેઇન રોડ તથા ગ્રીનલેન્ડ ચોકડી થી મોરબી રોડનો સમાવેશ થાય છે.

આ વિશેષમાં, આગામી વર્ષમાં રાજકોટ શહેરની જનતાને નવલું નજરાણું આપવાના ઉમદા આશયથી દિવાળીના તહેવારો દરમ્યાન રેસકોર્ષ રીંગરોડ ઉપર થીમ બેઇઝ્ડ ડેકોરેટીવ લાઇટીંગ ઇવેન્ટ દિપ શૃંગારનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

ઉપરોક્ત તમામ બાબતે આગામી બજેટમાં કુલ રૂા.૧૧૭૯.૭૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૪.૬ ગાર્ડન- ઝૂ સહિત સુરમ્ય શહેર:

૪.૬.૧ શહેરનાં વિકસીત વિસ્તારની ખુલ્લી જગ્યાઓ તેમજ શહેરની ભાગોળે આવેલા આજી, ન્યારી ડેમની જગ્યાઓ પર બાલક્રિડાંગણ સહીત બગીચાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. પૂર્વ ઝોનમાં ગ્રીનલેન્ડ ચોકડી, મોરબી રોડ કોઠારીયા રોડનાં ૬ પ્લોટ્સ, પશ્ચિમ ઝોનમાં રવિપાર્ક, ગાંધીગ્રામ, નાનામવા રોડ સહીત ૪ પ્લોટ્સ, સેન્ટ્રલ ઝોનમાં પારડી રોડ સહીત ૪ પ્લોટ્સ એમ કુલ ૧૪ સ્થળોએ બાગ-બગીચા બનાવવામાં આવશે.

ઉક્ત સ્થળો તેમજ હયાત બગીચાઓની પાણીની જરૂરિયાતને ધ્યાને લઇ શહેરના મુખ્ય બગીચાઓમાં સ્પ્રીંકલર સીસ્ટમ દ્વારા મીકેનાઇઝ્ડ સીસ્ટમથી પીયત આપવા માટેની કામગીરી પણ હાથ ધરવામાં આવશે, જેનો પ્રારંભ રેસકોર્સ સંકુલથી કરવાનું આયોજન છે. આ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલુ વર્ષમાં રૂ. ૩૭૫ લાખ જેટલી બજેટ જોગવાઇ રાખવામાં આવી છે.

આગામી વર્ષે વૃક્ષારોપણની કામગીરી હાથ ધરાવાનુ આયોજન છે. જેમાં રોડ સાઇડ પ્લાન્ટેશનમાં અંદાજીત ૫૦૦૦ વૃક્ષો, સામાજિક વનીકરણ અંતગત ૩૦૦૦ વૃક્ષો, આજી, ન્યારી વિસ્તારનાં ઘનિષ્ઠ વનીકરણમાં ૧૫૦૦૦ વૃક્ષો અને મહાનગરપાલિકાની અન્ય મિલ્કતોમાં ૨૫૦૦ વૃક્ષો મળીને કુલ અંદાજીત ૨૫૫૦૦ વૃક્ષો વાવવાનું આયોજન આગામી વર્ષે કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત શહેરના રાજમાર્ગોની મધ્યવર્તી લાઇનમાં બ્યુટીફીકેશન તથા ટ્રાફીક જંકશન્સ વિગેરેના નિર્માણ તથા જાળવણી વિગેરેની કામગીરી અંદાજે ૧૦ કિ.મી. માં હાથ ધરી શકાશે. આ કામગીરી હાથ ધરવાની શહેરના રસ્તાઓની સુંદરતામાં વધારો થશે તેમજ સતત વધતા જતા ટ્રાફીકના કારણે ઉદભવતા હવા / અવાજ વિગેરેના પ્રદૂષણ અટકાવી શકાશે.

આ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલુ વર્ષમાં રૂ.૧૭૫ લાખ જેટલી બજેટ જોગવાઇ રાખવામાં આવેલ છે.

૪.૬.૨ રાજકોટ ઝૂલોજીકલ પાર્ક ખાતે હાલ આધુનિક અભિગમ મુજબનું પ્રાણીસંગ્રહાલય બનાવવામાં આવી રહ્યુ છે. પ્રાણીસંગ્રહાલયનો કુલ વિસ્તાર ૧૩૭ એકર છે. જેમાં મોટાભાગના વિસ્તારને વૃક્ષારોપણથી આવરી લેવામાં આવે છે.

વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન ચિંકારા, ચૌશિંગા, સ્લોથ બેઅર, બોનેટ મકાક તથા ડકપોન્ડનાં પાંજરાની કામગીરી પૂર્ણ થયેલ છે. તથા રીસસ મકાક, કોમન લંગુર તથા ઘરીયાલના પાંજરાની કામગીરી પૂર્ણ થવામાં છે. વન્યપ્રાણીઓ માટે આધુનિક હોસ્પિટલ, ફીડ સ્ટોર તથા પી.એમ રૂમ તથા ઝૂ વિસ્તારનાં તમામ આંતરિક કાચા રસ્તાઓને પેવિંગ બ્લોક દ્વારા પાકા બનાવવામાં આવ્યાછે.

મુલાકાતીઓની સુવિધા માટે પાર્કમાં જુદી જુદી પાંચ જગ્યાએ વિરામ સ્થળ તથા ચાર જગ્યાએ અલ્પાહાર સ્થળ બનાવવામાં આવેલ છે તેમજ પાર્કની બહાર તળાવના કાંઠે ફૂડ ઝોન નાં બાંધકામની કામદારી પૂર્ણ થઇ છે.

રાજકોટ ઝૂલોજીકલ પાર્ક ખાતે આગામી વર્ષમાં ઝરખ , સફેદ વાઘ, શિયાળ, લોમડી. વરૂ, ધુડખર, માછલીઘર, સર્પઘર, સ્મોલ કેટ, ફિઝન્ટનાં પાંજરા બનાવી વન્યપ્રાણીઓ વસાવવામાં આવશે. મુલાકાતીઓ માટે આકર્ષક ઇન્ટરપ્રીટેશન સેન્ટરનું બાંધકામ કરવામાં આવશે. જેમાં પ્રાણીઓની વિવિધ પ્રજાતિઓની રહેણીકરણી અને સ્વાભાવ વિષેની રસપ્રદ જાણકારીઓ મુલાકાતીઓને મળી શકશે. મુલાકાતી તથા વન્યપ્રાણીઓને કાયમી ધોરણે પીવાલાયક ફિલ્ટર પાણી મળી રહે તે માટે જી.એસ.આર., ઇ,એસ.આર., બનાવી તથા પમ્પીગ સ્ટેશન ઉભુ કરી પાણી વિતરણ કરવા પાઇપલાઇન નાખવામાં આવશે.

આ માટે આગામી વર્ષે કુલ રૂ.૮૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૪.૬.૩ ન્યારી ડેમ અને આજી ડેમ એમ્યુઝમેન્ટ પાર્ક :

શહેરમાં લોકોના હરવા ફરવા તથા મનોરંજન માટે હાલમાં રેસકોર્સ ગ્રાઉન્ડ શહેરની વચ્ચે આવેલા હોવાથી તહેવારો તથા મેળવડા વખતે આ સ્થળે ખૂબ જ ટ્રાફિક રહે છે. આથી રેસકોર્સે ઉપરનું ભારણ ઘટાડવા તથા ભીડભાડ વિગેરાના પ્રશ્નોના નિરાકરણ માટે શહેરના લોકો માટે હરવા ફરવા તથા મનોરંજન માટે અન્ય વિકલ્પ રૂપે ન્યારી ડેમ સાઇટ ડેવલપમેન્ટનું આયોજન કરવામાં આવ્યુ છે.

ન્યારી ડેમ શહેરના પશ્ચિમ ૮ કી.મી ના અંતરે આવેલ છે. ન્યારી ડેમ સાઇટની ડાઉન સ્ટ્રીમ સાઇટમાં ખૂબ જ રમણીય એવો આશરે ૪.૫ કિ.મી x ૧૫૦ મીટર વિસ્તાર રા.મ.ન.પા..ની માલિકીનો છે, આ ઉપરાંત

૩૯.૦૩ હેક્ટર જમીન રૂડા દ્વારા ડેવલપમેન્ટ પ્લાનમાં આરક્ષિત રાખવામાં આવેલ છે. જે રાજકોટ મહાનગરપાલિકાને મળી શકે તેમ છે. આ જગ્યામાં નીચે મુજબની સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૧) સાયન્સ પાર્ક (૨) એમ્યુઝમેન્ટ પાર્ક (૩) થીમ પાર્ક
(૪) યોગા સેન્ટર (૫) બોટીંગ એન્ડ મ્યુઝીકલ ફાઉન્ટેન (૬) ફૂટ કોર્ટ
(૭) વોકીંગ એન્ડ જોગીંગ ટ્રેક (૮) ફૂટ બ્રીજ
(૯) વિશાળ પાર્કીંગ અને આવવા જવા માટે સુવિધા પૂર્ણ બે માર્ગીય રોડનું આયોજન

ન્યારી ડેમ ઉપરાંત શહેરના પૂર્વ છેડે આવેલ આજી ડેમ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનું એકવેરીયમ બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સંપૂર્ણ પ્રોજેકટ પી.પી.પી. અથવા બી.ઓ.ટી ના ધોરણે કરવાનું આયોજન છે. હાલ આ પ્રોજેકટ અન્વયે ડેવલપરની નિમણુંકની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

૪.૬.૪. રેસકોર્સ રી-ડેવલપમેન્ટ

રાજકોટ શહેરના શહેરીજનો માટે હાલ શહેરમાં હરવા ફરવા અને મનોરંજન હેતુ શહેરની મધ્યમાં આવેલ રેસકોર્સ વિસ્તાર કે જેનો જેતે સમયની જરૂરીયાત અનુસાર સ્વંયવિકાસ થયેલ છે. રાજકોટ શહેર ઉપરાંત સમગ્ર સૈરાષ્ટ્રમાં રેસકોર્સ નું ખુબજ મહત્વ છે. રેસકોર્સ વિસ્તાર હરવા ફરવા ઉપરાંત બાળકો, વિધાર્થીઓ, મોટેરાઓ, સીનીયર સીટીઝન વગેરે માટે વિવિધ સુવિધાઓ વિકસાવવામાં આવેલ છે. રેસકોર્સ વિસ્તારની સુંદરતામાં વધારો થાય તેવી રીતે આ સુવિધાઓ ઉપરાંત વધુ સુવિધાઓ ઉભી કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્સ વિસ્તારનો પુનજે અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિકાસ હાથ ધરવામાં આવેલ છે. કન્સલ્ટન્ટની નિમણુંક કરવામાં આવેલ છે. કન્સલ્ટન્ટશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રોજેકટ રીપોર્ટ અનુસાર આ કામે આગામી વર્ષમાં કુલ રૂપીયા ૪૦૦૦ લાખનો ખર્ચ અપેક્ષીત છે.

૪.૬.૫ હેરીટેજ કન્ઝર્વેશન

ભારત સરકારના આર્કિયોલોજીકલ ડીપાર્ટમેન્ટ તરફથી શહેરના ઐતિહાસિક સ્થળોની જાળવણી તથા મરામત માટે વારંવાર સુચનો આવતા હોઈ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ઐતિહાસિક સ્મારક એવા રૈયાનાકા અને બેડીનાકાની અસલ ઓળખ જાળવી રાખી શકાય તેવી પધ્ધતિથી સમારકામ હાથ ધરવા આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરી માટે કન્ઝર્વેશન આર્કિટેકટની નિમણુંક કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ અન્વયે આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂ.૧૦૦ લાખ ખર્ચની જોગવાઇ રાખવામાં આવી છે.

૫. આરોગ્ય સેવાઓ:-

૫.૧ આરોગ્ય કેન્દ્ર:

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા રસીકરણ, માતૃ બાળ કલ્યાણ કાર્યક્રમ, આરોગ્યલક્ષી કાર્યક્રમોનું અમલીકરણ, વાહકજન્ય રોગચાળો નિયંત્રણ, પાણીજન્ય રોગચાળો નિયંત્રણ, જન્મ-મરણ નોંધણી, લગ્ન નોંધણી, ફૂડ રજીસ્ટ્રેશનની કામગીરી, સ્મશાનનું સંચાલન જેવી લોકોની સુખાકારીની

કામગીરી કરવામાં આવે છે. આગામી બજેટ વર્ષ ૨૦૧૩-૧૪ માં વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. જે અંતર્ગત નવા બે આરોગ્ય કેન્દ્ર કાર્યરત થતા અંદાજીત લાભ પછાત વસ્તીને માતૃ કલ્યાણ અને બાળ કલ્યાણની પ્રવૃત્તિ હેઠળ આવરી લેવામાં આવશે. ત્રણ આરોગ્ય કેન્દ્રોમાં લોહીના વિશિષ્ટ પરીક્ષણ બી.પી.એલ.ને વિનામુલ્યે તથા અન્યોને ખુબ જ ઓછા દરે કરી આપવામાં આવે છે. આ કેન્દ્રમાં જુવેનાઇલ ડાયાબીટીસના દર્દીઓની સારવાર માટે જરૂરી સીરીંજ તથા ગ્લુકોમીટર વિના મુલ્યે આપવામાં આવે છે. તેમજ થેલેસેમિયા મેજરની લોક જાગૃતિ માટે "લાઈફ" સંસ્થાના સહયોગથી જાગૃતિના કાર્યક્રમો આગામી વર્ષે ચાલુ રહેશે તથા થેલેસેમિયા મેજરની ટેસ્ટ રાજકોટના શહેરીજનો માટે સસ્તા દરે ઉપલબ્ધ થશે. રાજકોટ શહેરના લોકોની સુખાકારી માટે કિડનીના રોગો, હૃદયના રોગો, કેન્સરના રોગો માટે વિવિધ હોસ્પિટલને ૨૦૧૩-૧૪ માટે ૮૦ લાખ અનુદાની જોગવાઈની સુવિધા યથાવત ચાલુ રાખવામાં આવી છે. અર્બન મેલેરિયા સ્કીમ હેઠળના શહેરના વાહકજન્ય રોગોનું સર્વેલન્સ તથા લોહીના નમુનાની કામગીરી વિશેષ કરવામાં આવશે. આ ઉપરાંત હડકવા વિરોધી રસી અને રૂટીન રસીકરણની પેન્ટાવેલન્ટ રસીઓની સેવાઓ આગામી વર્ષે યથાવત ચાલુ રહેશે.

આગામી વર્ષમાં આરોગ્ય સેવાઓ વિસ્તૃતિ કરણનાં ભાગ રૂપે ત્રણ નવા આરોગ્ય કેન્દ્ર બાંધવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૫.૨ આંગણવાડી:

રાજકોટ મહાનગરપાલિકાનાં આઇ.સી.ડી.એસ. વિભાગ હસ્તક હાલ કુલ ૩૩૦ જેટલા આંગણવાડી કેન્દ્ર કાર્યરત છે. આ આંગણવાડી કેન્દ્રો પૈકી મોટા ભાગનાં કેન્દ્રો ભાડાનાં મકાનમાં ચલાવવામાં આવી રહેલ હોય ચાલુ વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨.૫ કરોડનાં ખર્ચે કુલ ૩૪ કેન્દ્રો માટે નવા મકાનનું બાંધકામ કરવામાં આવ્યું છે, જે પૈકી સ્વભંડોળમાંથી ૯, હુડકો ગ્રાંન્ટમાંથી ૯ અને ૧૫ ઓગષ્ટ ,૨૦૧૦ સ્વાતંત્રપર્વ ઉજવણી અંતર્ગત ખાસ જોગવાઇનાં કામો માટે ફાળવવામાં આવેલી ગ્રાંન્ટમાંથી ૧૬ આંગણવાડી કેન્દ્રો માટે નવા મકાનનું બાંધકામ કરવામાં આવેલ છે. તેમજ આગામી વર્ષેમાં ૫૦ અને ત્યારબાદ બીજા બે વર્ષમાં ૨૦૦ મળી કુલ ૨૫૦ આંગણવાડી કેન્દ્રો માટે નવા મકાનનું બાંધકામ કરવામાં હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યુ છે. જે માટે આગામી વર્ષમાં ૫૫૧ લખનો ખર્ચનું પ્રાવધાન કરવામાં આવ્યું છે.

૬. શિક્ષણઃ-

૬.૧ રાજકોટ મહાનગરપાલિકાની નગર શિક્ષણ સમિતિ દ્વારા હાલ શહેરમાં કુલ ૮૬ શાળાઓ કાર્યરત છે. આ શાળાઓમાં અભ્યાસ અર્થે આવતા વિધ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ પુરૂ પાડવામાં આવે છે. આ શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને સારા શિક્ષણની સાથે સાથે સારી સુવિધાઓ મળી રહે તે હેતુથી રાજકોટ મહાનગરપાલિકાનાં શાળા બોર્ડ વિભાગ દ્વારા તમામ શાળાનું નિભાવ મરામત તેમજ જુની શાળાનાં મકાનની જગ્યાએ ક્રમશઃ નવા મકાન તૈયાર કરવાની કામગીરી કરવામાં રહી છે. જે માટે ચાલુ વર્ષેમાં આશરે રૂા.૬૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે . તેમજ આગામી વર્ષમાં કુલ રૂા.૧૩૩૯ લાખના ખર્ચની જોગવાઇ કરવામાં આવી છે.

૬.૨ મધ્યાહ્ન ભોજન યોજના:

રાજકોટ મહાનગરપાલિકા સંચાલીત શાળાઓમાં રાજ્ય સરકારશ્રી અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મધ્યાહન ભોજન યોજના હાલ શરૂ છે .હાલ આ મધ્યાહ્ન ભોજન યોજનાની વ્યવસ્થા અલગ અલગ કુલ ૭ જગ્યાઓએ વહેંચાયેલી છે .જેથી દરેક રસોડામાં ખાધસામગ્રીનું ચેકીંગ ,સ્ટોક ચેકીંગ ,સમયસર ખાધસામગ્રીની ડિલેવરી વગેરે માટે અગવડતાઓ ઉભી થાય છે .તેમજ સ્ટાફની પણ ખુબજ જરૂરિયાત રહે છે .જે બાબત ધ્યાને લઇ રાજકોટ મહાનગરપાલિકાનાં શાળા બોર્ડ વિભાગ દ્વારા આ મધ્યાહ્ન ભોજન વ્યવસ્થાને મધ્યવર્તી કરવામાં આવેલ છે .જેમા મળેલ સફળતાને લઇ મધ્યાહ્નભોજન વ્યવસ્થાને વધુ સારી અને સગવડતા સભર બનાવવા માટે મધ્યવર્તી આધુનિક રસોડાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે .જેમાં મશીન દ્વારા તૈયાર કરવામાં આવતી રસોઇ આધુનિક પેક કરી અને શાળાઓ સુધી પહોંચાડવામાં આવશે જેથી શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ બાળકોને આરોગ્યપ્રદ અને ઉચ્ચ ગુણવત્તા યુક્ત ભોજન પૂરૂ પાડી શકાશે .આ સમગ્ર પ્રોજેક્ટ અગામી વર્ષેમાં પૂર્ણ થશે .તે માટે રીવાઇઝડ વર્ષમાં રૂ.૧૦૦ લાખ અને આગામી વર્ષે ૨૦૧૩-૧૪ નાં બજેટમાં રૂ.૩૦૦ લાખની જોગવાઇ કારવામાં આવી છે.

૭. જાહેર સલામતીઃ-

રાજકોટ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસ માત્ર મહાનગરપાલિકા વિસ્તારમાં જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં આપત્તિ વ્યવસ્થાપનનું કાર્ય કરે છે. ચાલુ વર્ષે હાઇરાઇઝ બિલ્ડીંગ ફાયર ફાઇટીંગ માટે ૪૫ મીટર ઊંચાઇએ પહોચીને બચાવ કામગીરી કરી શકે તેવુ હાઇડ્રોલિક પ્લેટફોર્મ વાહન વસાવવામાં આવ્યું છે. કોઠારીયા રોડ ખાતે નવું ફાયર સ્ટેશન ટૂંક સમયમાં જ કાર્યાન્વિત થઇ જશે. આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં વધુ બે નવા ફાયર સ્ટેશન અનુક્રમે ૧૫૦ ફુટ રીંગ રોડ અને રેલનગરમાં બાંધવાનું આયોજન છે. આમ સમગ્ર શહેરનાં વિવિધ વિસ્તારોને આ સેવાઓ તૂર્ત ઉપલબ્ધ બને તે માટે સમગ્ર શહેરની વ્યવસ્થા સુદ્રઢ બનશે.

આ ઉપરાંત નવા વાહનો પૈકી ચાર નવા ફાયર ટેન્ડરની ખરીદી કરવાનું સુચવાયું છે. બીમાર પેશન્ટની સવલત અર્થે નવી ચાર એરકન્ડીશન્ડ એમ્બ્યુલન્સનું સૌ પ્રથમ વાર ખાસ આયોજન કર્યુ છે. આ ઉપરાંત ત્રણ નવી ડેડબોડી વાન પણ ખરીદ કરવામાં આવશે. બે ફાયર સ્ટેશનનાં બાંધકામ માટે રૂા.૨૫૦ લાખ અને વાહન/સાધન ખરીદી માટે રૂા.૨૬૦ લાખની જોગવાઇ મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના હેઠળ જોગવાઇ કરવામાં આવી છે.

૮. ટાઉન પ્લાનીંગઃ-

રાજકોટ શહેરના સુઆયોજીત વિકાસ અર્થે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તબકકાવાર આજ સુધીમાં ૩૬ નગર રચના યોજનાઓ તૈયાર કરાયેલ છે. જે પૈકી ૨૦ નગર રચના યોજનાઓ સરકારશ્રી દ્વારા પ્રારંભિક/આખરી મંજુર થઇને અમલમાં છે. જયારે ૧૬(સોળ) મુસદ્દારૂપ યોજનાઓ સરકારશ્રી દ્વારા નિયુકત કરાયેલ નગર આયોજન અધિકારીશ્રીઓ પાસે આખરી કરવાના કામે પેન્ડીંગ છે.

શહેરના સુયોજીત વિકાસ અર્થે ટી.પી. રસ્તાઓનું આયોજન કે જેનાથી વિકસિત વિસ્તારમાં તમામ આંતરમાળખાકિય સુવિધાઓ જેવી કે રસ્તા, પાણી, લાઇટ, ગટર, વિગેરે આપવી શકય બને. તેમજ નગર રચના યોજના દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનને જુદા જુદા હેતુઓના અનામત પ્લોટોની જમીન જેમકે, ગરીબોના આવાસો માટે એસ.ઇ.ડબલ્યુ.એસ. હાઉસીંગની જમીન, સોશ્યલ ઇન્ફ્રાસ્ટકચર માટે સ્કુલ, હોસ્પિટલ, ગાર્ડન, પાર્કિંગ વિગેરે પ્રકારના અનામત પ્લોટસની જમીન તેમજ કોર્પોરેશનની આવકના સ્ત્રોત માટે રહેણાંક તેમજ વાણિજય હેતુના વેંચાણ કરવા અંગેના પ્લોટસની જમીન મળે છે.

એસ.ઇ.ડબલ્યુ.એસ. હાઉસીંગની પ્રાપ્ત થયેલ જમીનો ઉપર શહેરી ગરીબો માટે જેએન.એન.યુ.આર.એમ. અંતર્ગત આવાસો બનાવવામાં આવી રહયા છે. તેમજ શૈક્ષણિક હેતુની જમીનોનો પણ નિકાલ કરી, શૈક્ષણિક સંસ્થાઓ મારફત વિકાસ કરવામાં આવી રહયો છે. વેચાણ પાત્ર જમીનોના નિકાલ અન્વયે રૂા.૨૬૫.૮૦ લાખ ની આવક થયેલ છે.

વિકાસ પરવાનગી મેળવવા ઇચ્છતા લોકોને સત્વરે વિકાસ (બાંધકામ પરવાનગી) મળે રહે તે હેતુથી ઓન ધી સ્પોટ ના ધોરણે વિકાસ પરવાનગી આપવામાં આવતી હતી. હવે ચાલુ વર્ષ દરમ્યાન તેનાથી એક કદમ આગળ જઈને ઓનલાઈન વિકાસ પરવાનગી આપવાનું શરૂ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન કુલ ૨૧૫૧ પરવાનગીઓ આપવામાં આવેલ છે અને તે અન્વયે રૂા.૨૩૮.૦૦ લાખની આવક રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને થયેલ છે.

પહેલાં "ઓન ધી સ્પોટ"નાં ધોરણે જે વિકાસ પરવાનગી આપવામાં આવતી હતી તે ફક્ત વ્યક્તિગત રહેણાક પૂરતી મર્યાદિત હતી. પરંતુ હવે ઉપર જણવ્યા મુજબ ઓનલાઈન વિકાસ પરવાનગી આપવાનું શરૂ કરવા માટે સોફ્ટવેરનો અમલ પ્રાયોગિક ધોરણે કરવામાં આવી રહ્યો છે. તેમાં તબક્કાવાર તમામ પ્રકારની પરવાનગીઓ આવરી લેવામાં આવશે.

રાજ્યમાં થયેલા બિનઅધિકૃત બાંધકામો નિયમિત થાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા ધી ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઑફ અનઓથોરાઈઝડ ડેવલપમેન્ટ એક્ટ, ૨૦૧૧ અમલમાં લાવવામાં આવેલ છે. આ કાયદાની એક વિશિષ્ટ જોગવાઈ મુજબ જે તે મિલ્કતના માલિક ઉપરાંત આવી મિલ્કતના કબ્જેદાર પણ તેમના કબ્જા તળેની મિલ્કત નિયમિત કરાવી શકે છે. સમાજના નીચલા મધ્યમ વર્ગના લોકો પણ આ કાયદાનો લાભ ઉઠાવી શકે તે હેતુથી કાયદો સરળ બનાવવામાં આવેલ છે અને નિયત કરાયેલ ચાર્જીસ પણ પ્રમાણમાં ખુબજ ઓછા રખાયેલ છે.

આ કાયદાની જોગવાઈ અન્વયે તા. ૩૧/૧૨/૨૦૧૨ ની સ્થિતિએ કુલ ૧૫૦૨૭ નોટિસો આપવામાં આવેલ છે, ૪૮૪૮ જેટલા આસામીઓ તરફથી તેમની મિલ્કતો નિયમિત કરાવવા માટે અરજી કરવામાં આવેલ છે. કુલ ૧૩૩૦ મિલ્કતો નિયમિત કરાયેલ છે અને તે અન્વયે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને અંદાજે રૂા.૫૨૦ લાખની આવક થવા પામેલ છે.

૯.ઇ-ગવર્નન્સ:-

૯.૧ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સમય અને આધુનિક ટેક્નોલોજી સાથે તાલ મીલાવી શહેરીજનોને ઝડપી અને પારદર્શક સેવાઓ મળી રહે તે માટે ઇ-ગવર્નન્સના પ્રોજેકટ હેઠળ મહાનગરપાલિકાની અલગ

અલગ સેવાઓને એક છત્ર નીચે આવરી લઇ RITE eGovernance પ્રોજેકટ અંતર્ગત નાગરિકોને મહાનગરપાલિકાની ઇ-ગવર્નન્સની સેવાઓનો મહત્તમ લાભ મળે તે હેતુથી મહાનગરપાલિકાના માગણા માટે અલગ અલગ વ્યવસ્થા જેવીકે છ નાગરિક સુવિધા કેન્દ્ર, ૨૦ પોસ્ટ ઓફીસ, ચાર કીઓસ્ક, IVRS, મોબાઇલ, ક્રેડીટ કાર્ડ/ડેબીટ કાર્ડ, નેટ બેંકીંગ તેમજ હપ્તાથી પેમેન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે, જે માટે રાજકોટ સમગ્ર દેશમાં અગ્રેસર છે. આ ઉપરાંત QR Code જન્મ, મરણ, લગ્ન સર્ટીફીકેટ તેમજ પ્રોપર્ટી ટેક્ષ ડીમાન્ડ બીલ, નોટીસમાં પ્રીન્ટ કરવામાં આવે છે, જેના દ્વારા મહાનગરપાલિકાના દરેક ડોક્યુમેન્ટની શ્રધ્ધેયતાની ઓનલાઇન મોબાઇલ દ્વારા ચકાસણી કરી શકાય છે. ચાલુ સાલમાં જન્મના રેકોર્ડની ૧૯૫૦ સુધીના ડેટાની એન્ટ્રી કરવામાં આવેલ છે. જેને કારણે ૧૯૫૦થી આજ સુધીના જન્મના દાખલા તાત્કાલિક મળી શકશે. આ ઉપરાંત વેબસાઇટ પરથી ડીજીટલ સીગ્નેચર સાથેના દાખલા મળી શકે તે માટેનુ અમલીકરણ ચાલુ કરવામાં આવનાર છે. દરેક ઝોનમાં કર્મચારીઓની હાજરી માટે ફેઇસ ડીટેકટર મુકવામાં આવેલ છે.

૯.૨. જી.આઈ.એસ.સિસ્ટમ

JnNURM નાં રીફોર્મસનાં ભાગરૂપે મહાનગરપાલિકાની તમામ સેવાઓ અધ્યતન જી.આઈ.એસ. આધારિત નકશા પર દર્શાવવી જરૂરી હોય પૂર્ણ કરવામાં આવી છે. જેમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.ઉપરોકત જી.આઈ.એસ. આધારીત નકશાને અપટુડેટ રાખવા તેને દિનપ્રતિદિન અપડેટ કરવો જરૂરી છે બને છે. જે માટે જી.આઈ.એસ સેલ કરવા અને જી.આઈ.એસ ડેટાબેઈઝ ને અપડેઈટ કરવા આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માટે રૂપીયા ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે

૯.૩ આવતા નાણાંકીય વર્ષમાં મહાનગરપાલિકાની દરેક ઓફીસમાં તેમજ વોર્ડ ઓફીસમાં પણ ફેઇસ ડીટેકટર મુકવામાં આવનાર છે. આ ઉપરાંત બધીજ વોર્ડ ઓફીસને એકબીજા સાથે જોડવા માટે (WAN કનેકટીવીટી) માટે આવતા નાણાંકીય વર્ષમાં કુલ રૂ. ૩૬ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા માટે મોબાઇલ આધારિત ગાર્બેજ કલેક્શન અને મોનીટરીંગ સીસ્ટમ આગામી વર્ષમાં ચાલુ કરવામાં આવનાર છે. આ ઉપરાંત જન્મ અને મરણના ડેટા માટે હાલની મેન્યુલ પધ્ધતિ કે જેમાં જન્મ અને મરણની તમામ વિગતો હોસ્પિટલ દ્વારા મોકલવામાં આવે છે, તેને સ્થાને હોસ્પિટલ દ્વારા RMCના સર્વર પર સોફ્ટવેર દ્વારા એન્ટ્રી થઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત મહાનગરપાલિકાના રેકોર્ડનુ ડીજીટાઇઝેશન માટે ચાલુ નાણાકીય વર્ષથી શરૂ કરવામાં આવેલ પ્રોજેકટ અંતર્ગત ઇનવર્ડ/આઉટવર્ડ ડીજીટાઇઝડ કરવામાંના પ્રોજેકટનુ અમલીકરણ માટે હાર્ડવેર ખરીદ કરવામાં આવેલ છે, તેમજ આ પ્રોજેકટ માટે આવતા નાણાંકીય વર્ષમાં રૂા.૨૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. પેપરલેસ ઓફીસના અમલ માટે પાયલોટ પ્રોજેકટ તરીકે આવતા વર્ષમાં Document Management System અમલમાં મુકવામાં આવનાર છે. આ માટે આગામી બજેટમાં રૂા.૧૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

૧૦. આવાસ યોજનાઃ-

૧૦.૧ રાજીવ આવાસ યોજના (RAY)

રાજીવ આવાસ યોજના (RAY) એ શહેરોને ઝુંપડપટ્ટી મુક્ત બનાવવા સ્લમ ફ્રી સિટી પ્લાનીંગ હેઠળ વર્ષ ૨૦૧૦ માં શરૂ કરવામાં આવેલી કેન્દ્ર સરકારની યોજના છે. શહેરને ઝૂપડપટ્ટી મુકત બનાવવાનાં હેતુસર શરૂ કરવામાં આવેલ આ યોજનામાં સ્લમ ફ્રી સિટી પ્લાન અનુસાર વિવિધ ઝૂપડપટ્ટી વિસ્તારોમાં માળખાકીય સુધારણા માટે પ્રોજેક્ટસનાં ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવી રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારમાં મંજુરી અર્થે કરવાનાં થાય છે. RAY અંતર્ગત શરૂઆતી તબક્કામાં કોઇ એક ઝુંપડ્પટ્ટી વિસ્તારમાં પાઇલોટ પ્રોજેક્ટ હાથ ધરવાનો થાય છે. જે માટે ડીપીઆર બનાવી રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારમાં મંજુરી અર્થે રજુ કરવાનો રહેશે. RAY અંતર્ગત ચાલુ વર્ષમાં ૬ સોશ્યોઇકોનોમી સર્વે RAY ટેકનીકલ સેલ વગેરે કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. આ તમામ કામગીરીને અનુલક્ષી રાજીવ આવાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩માં રૂા.૧૩૧ લાખ જેટલો ખર્ચ કરવામાં આવેલ છે તેમજ વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં આગામી વર્ષે ૩૦૦ જેટલા આવાસોનો પાયલોટ પ્રોજેક્ટ બનશે.


૧૦.૨ B.S.U.P.- III (Jn NURM)

બી.એસ.યુ.પી.-III અંર્તગત ઇન-સીટૂ ધોરણે કુલ ૨૬૨૪ આવાસ રૈયા, કુબલીયાપરા અને રૂખડીયાપરા વિસ્તારમાં આવનાર છે. આ યોજનાનો કુલ ખર્ચ રૂા.૮૨.૭૪ કરોડ મંજૂર થયેલ છે. આ આવાસ યોજના માસકોન ટેકનોલોજીથી તૈયાર કરવામાં આવનાર છે. આ યોજના અંર્તગત એક આવસનો ખર્ચ રૂા.૩.૩૭ લાખ થશે. આ યોજના અંર્તગત ચાલુ વર્ષ રૂા.૫૦૦ લાખ અને વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૫૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

૧૧. બી.આર.ટી.એસઃ-.

ભારત સરકાર દ્વારા પસંદગી પામેલા શહેરો માટે માળખાકીય સુવિધાઓ પુરી પાડવાનાં અર્થાત શહેરોનાં નવીનીકરણનાં મીશન અન્વયે રાજકોટ શહેર માટે રીંગરોડ પર બહારની બાજુએ તેમજ શહેરનાં ઇસ્ટ – વેસ્ટ અને નોર્થ – સાઉથ છેડાને જોડતા મુખ્ય રસ્તાઓ પર શહેરની અંદરનાં વાહનોનાં પરિવહન માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બી.આર.ટી.એસ. રોડ – વે તથા ફલાય ઓવરનો પ્રોજેકટ રીપોર્ટ બનાવી રાજય અને કેન્દ્ર સરકારમાંથી મંજુર કરાવી પ્રોજેકટનું અમલીકરણ શરૂ કરવામાં આવ્યું હતું.

રાજકોટ શહેરનાં મંજુર થયેલ બી.આર.ટી.એસ. પ્રોજેકટ મુજબ સીટી ટ્રાન્સપોર્ટેશન તથા લોકોની સુખાકારી માટે શહેરની ફરતે રીંગ રોડ પર તેમજ શહેરનાં ઇસ્ટ - વેસ્ટ અને નોર્થ–સાઉથ છેડાને જોડતા મુખ્ય રસ્તાઓ પર નીચે જણાવ્યા પ્રમાણે અલગ અલગ ત્રણ કોરીડોરમાં આયોજન કરવામાં આવ્યું છે. જેની કુલ લંબાઇ ૮૫.૫૦ કી.મી. થશે.



Phase – I & II & III

Blue Corridor - 29 Kms

Red Corridor – 25.5 Kms

Green Corridor - 25 Kms

Pink Corridor – 6.0 Kms

Total – 85.5 Kms

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા BRTS ના પ્રથમ તબક્કા અન્વયે રીંગ રોડ ઉપર નાં પ્રથમ ભાગનું કામ પૂર્ણ કરી સફળતા અમલમાં મુકવામાં આવેલ છે. હાલ સરેરાશ ૪ લાખ લોકો પ્રતિ માસ BRT સુવિધાનો લાભ લઇ રહ્યા છે. શહેરીજનોને વધુને વધુ લાભ મળી રહે તે માટે રા.મ.ન.પા. દ્વારા આગામી બજેટમાં BRT સર્વિસને શહેરનાં અન્ય વિસ્તારમાં લંબાવવાનું આયોજન કરેલ છે. જેમાં ઇસ્ટ-વેસ્ટ કોરીડોર (સંતકબીર રોડ તથા પેડક રોડ ઉપર થઇ કાલાવડ રોડ તરફ) તથા નોર્થ-સાઉથ કોરીડોર (ગોંડલ રોડ, ઢેબર રોડ થઇ જામનગર રોડ)નું આયોજન છે. આ બંને કોરીડોર શહેરના મુખ્ય ભાગમાંથી પસાર થતા હોવાથી મહતમ શહેરીજનોને તેનો લાભ મળી રહેશે. આ માટે પ્રારંભિક તબક્કામાં કુલ રૂા.૧૦૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

વિશેષમાં BRT સુવિધા વધુ સારી રીતે પૂરી પાડી શકાય તે હેતુથી BRT માટે ITMS (Intelligent Transport Management System)નો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યુ છે. જેમાં મુખ્યત્વે નીચેની બાબતો નો સમાવેશ થાય છે.

• ઓટોમેટીક ફેર કલેકશન સીસ્ટમ	• ડીપો મેનેજમેન્ટ સીસ્ટમ
• જીપીએસ બેઇઝડ ફલીટ મોનીટરીંગ સીસ્ટમ	• બસ ટર્મીનલ મેનેજમેન્ટ સીસ્ટમ
• પેસેન્જર ઇન્ફોર્મેશન સીસ્ટમ	• ઇન્સીડન્ટ મેનેજમેન્ટ સીસ્ટમ
• ફાયનાન્સીયલ મેનેજમેન્ટ સીસ્ટમ	• બીઝનેશ ઇન્ટેલીજન્સ
• વ્હીકલ ડીસ્પેચ એન્ડ સ્કેડયુલ સીસ્ટમ	• એન્ટરપ્રાઇઝ મેનેજમેન્ટ સીસ્ટમ

ITMS માં BRT નાં બધા બસ શેલ્ટર્સનાં ટિકીટ કલેક્શન સેંટરને એક સેન્ટ્રલ કંટ્રોલ સેન્ટર સાથે ઇન્ટરનેટ દ્વારા જોડવામાં આવશે. તેમજ દરેક બસ સાથે GPS દ્વારા વેહિકલ ટ્રેકિંગ સિસ્ટમ સાથે જોડવામાં આવશે.

બી.આર.ટી.એસ. નાં O& M માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક SPV નું કંપની એકટ ૧૯૫૬ હેઠળ રાજકોટ રાજપથ લી. નામે રજી. કરાવવામાં આવ્યુ છે. જેનાં દ્વારા સમગ્ર બી.આર.ટી.એસ. નું સંચાલન અને વિસ્તૃતિકરણ કરવામાં આવશે. આ માટે રા.મ.ન.પા. દ્વારા રાજકોટ રાજપથ લી. ને રૂા.૪૦૦ લાખની ગ્રાન્ટ આપવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બી.આર.ટી.એસ.ને સેલ્ફ સસ્ટેનેબલ બનાવવા માટે પણ આયોજન કરાયેલ છે, જે અન્વયે બી.આર.ટી.એસ. રૂટ પરનાં એડવર્ટાઇઝમેન્ટ મારફત થનારી આવક, બી.આર.ટી.એસ. રૂટ પર વધારાની F.SI આપી તેની આવકનાં ૫૦% તેમજ બી.આર.ટી.એસ. ટીકીટ કલેકશન અને સ્પ્લીટ ફલાયઓવરની નીચેનાં ભાગને પે એન્ડ પાર્કીંગ તરીકે ડેવલપ કરી તેમાથી થનારી આવકનો ઉપયોગ રાજકોટ રાજપથ લી. દ્વારા BRT ના સંચાલન માટે કરવામાં આવશે.

હાલનાં તબક્કે ૧ ઓકટોબર ૨૦૧૨ થી શહેરીજનોને ફ્રી બી.આર.ટી.એસ. બસ સર્વીસ પૂરી પાડવામાં આવી રહી છે. જેમાં અત્યાર સુધીમાં અંદાજે ૧૫,૦૦,૦૦૦ થી વધુ મુસાફરોએ બી.આર.ટી.એસ. સુવિધાનો ઉપયોગ કરેલ છે. હાલ કુલ ૫ બસો બી.આર.ટી.એસ. અંતર્ગત ચાલી રહી છે ચાલુ માસનાં અંત સુધીમાં વધુ ૩ બસોનો ઉમેરો થશે જેથી લોકોને દર ૮ મીનીટે બી.આર.ટી.એસ. બસ સેવા ઉપલબ્ધ થશે. ૧૫ ફેબ્રુ. ૨૦૧૨ સુધીમાં વધુ ૨ + ૧ (સ્ટેન્ડ બાય) બસ ઉમેરી કુલ ૧૦ બસ બી.આર.ટી.એસ. પર ચલાવવામાં આવશે જેથી દર ૫ મીનીટે મુસાફરોને બસ સુવિધા ઉપલબ્ધ થશે. આમ આગામી સમયમાં શહેરીજનોને સીટી બસ સર્વિસ તથા BRT ની સુવિધા માટે આયોજન કરવામાં આવ્યુ છે.

૧૨. સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનાઃ-

પ્રવર્તમાન સમયમાં સમગ્ર દેશમાં શહેરીકરણ ખુબજ ઝડપથી વધી રહ્યુ છે. જેમાંથી ગુજરાત રાજ્ય અગ્રેસર છે. શહેરીકરણની દ્રષ્ટિએ ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે આવે છે. ૨૦૧૧ નાં વસ્તી ગણત્રી મુજબ સમગ્ર ગુજરતમાં ૬.૦૩ કરોડની વસ્તીમાંથી ૨.૦૩ કરોડ (૪૨.૬૨%) લોકો શહેરમાં વસે છે. શહેરીકરણ ની ઝડપ સાથે શહેરી જનોને મળતી સુવિધા પર્યાપ્ત માત્રામાં મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા SJMMSVY સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (SJMMSVY) ૨૦૧૦ થી અમલમાં મૂકેલ છે. અંતર્ગત શહેરીજનોને માળખાકિય સુવિધાઓ મળી રહે તેમજ દરેક શહેરની પોતાની આગવી ઓળખ બની રહે તે માટે નાણાંકીય મદદ દરેક મહાનગરપાલિકાને કરવામાં આવે છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકાને પણ ગુજરાત સરકાર દ્વારા શહેરીકરણને કારણે વધતી જતી મૂળભૂત સુવિધાની માંગને પહોંચી વળવા કેપીટલ કામ માટે નાણાંકીય ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા ત્રણ પેટા યોજના અમલમાં મુકવામાં આવી છે.

- માળખાકીય સુવિધામાટે તથા આગવી ઓળખ માટે
- જનભાગીદારી યોજના
- ચોમાસાના કારણે તૂટેલ રસ્તાઓનું નવિનીકરણ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરનાં વિકાસ ને ધ્યાને રાખી આગામી વર્ષો માટે જરૂરી જુદી જુદી માળખાકીયા સુવિધાઓ અન્વયે રૂ. ૭૨૧.૬૩ કરોડ નાં પ્રોજેક્ટસ રાજ્ય સરકાર સમક્ષ રજુ કર્યા હતા. રાજ્ય સરકાર દ્વારા આજ સુધી રાજકોટ મહાનગરપાલિકાને માળખાકીય સુવિધાઓ તથા આગવી ઓળખ માટે રૂ. ૩૧૨.૬૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. રાજકોટ મહાનગરપાલિકાએ મળેલ ગ્રાન્ટ અન્વયે જુદા જુદા ક્ષેત્રો પાણી પૂરવઠા, ભુગર્ભ ગટર, ધન કચરા નિકાસ તથા વ્યવસ્થાપન, શહેરની શોભામાં અભિવૃધ્ધિ થાય તે માટેનું આયોજન, લોકોને સામાજિક સુખાકારી મળી રહે તે માટે કોમ્યુનિટી હોલ, ઓડીટોરીયમ, રસ્તાઓ માટે તેમજ શિક્ષણ અને આરોગ્ય માટેનાં જુદા જુદા પ્રોજેક્ટોનું આયોજન કરી અમલમાં મૂકવામાં આવ્યું છે. આગામી વર્ષનાં બજેટમાં પણ જુદા જુદા પ્રોજેક્ટો માટે આયોજન કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

નવા રસ્તા	૮૦૪૦	આગવી ઓળખ	૫૫૦
નવા બ્રિજ	૩૫૦૦	નવા ફાયર સ્ટેશન	૬૩૫
પાણી પૂરવઠા	૫૧૫૦	આરોગ્ય તથા શિક્ષણ	૨૪૯૦
ભુગર્ભ ગટર યોજના	૫૧૦૦	ઓડીટોરીયમ/કોમ્યુનિટી હોલ/મલ્ટીએક્ટીવીટી સેન્ટર	૨૭૧૫
સ્ટોર્મ વોટર	૮૦૦	નવા સ્મશાન	૫૦૦
આરોગ્ય – નિર્મળ ગુજરાત	૨૦૫૦	આજી નદી સુધારણા	૧૦
ગરીબ સમૃધ્ધિ યોજના	૩૦૮૪	કુલઃ-	૩૬૧૫૯
સુરમ્ય શહેર	૧૫૩૫		

ઉપરોક્ત વિગતે કરવામાં આવેલ આયોજન દ્વારા શહેરીજનોને મળતી સુવિધામાં ચોક્કસ પણે વધારો થશે.

વિશેષમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં જનભાગીદારી યોજના અતંર્ગત શહેરીજનોને ઝડપથી રસ્તાઓની સુવિધા મળી રહે તે માટે લોકોની ભાગીદારીથી નવા રસ્તા બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે માટે લોકો દ્વારા ૨૦% ફાળો તથા રાજ્ય સરકાર દ્વારા ૭૦% અને રાજકોટ મહાનગરપાલિકાનો ૧૦% નો ફાળો રહેશે. રાજય સરકાર દ્વારા જનભાગીદારીયોજના અતંર્ગત કુલ રૂ.૭૫ કરોડ ફાળવવાનું મંજુર થયુ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી બજેટમાં SJMMSVY - જનભાગીદારી અતંર્ગત રૂા.૨૦૦૦ લાખનું આયોજન કરવામાં આવ્યું છે.

૧૩. પ્રોજેક્ટ તથા સાંસ્કૃતિક વિકાસ શાખાઃ-

૧૩.૧ સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના હેઠળ ચાલુ વર્ષ ૭૭ લાભાર્થીઓને સ્વરોજગારી માટે રૂા.૯૨.૦૦ લાખની લોન તથા રૂ.૨૩.૦૦ લાખની સબસીડી ચુકવવામાં આવી છે. ઉમ્મીદ યોજના હેઠળ ૫૦૦થી વધુ યુવક-યુવતીઓને સ્વરોજગાર લક્ષી તાલીમ આપી રોજગારી અપાવવામાં આવી છે. સાંસ્કૃતિક વિકાસ વિભાગ દ્વારા પરંપરાગત રીતે યોજાતા વિવિધ કાર્યક્રમો માટે કુલ રૂા.૧૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

૧૩.૨ રાજ્ય સરકારશ્રીની મહિલા સશક્તિકરણ અંગેની મહત્વકાંક્ષી યોજના 'મિશન મંગલમ' હેઠળ ૨૦૦ સેલ્ફ હેલ્પ ગૃપની રચના કરવામાં આવેલ છે. જેના કુલ લાભાર્થી બહેનોની સંખ્યા ૩૦૧૦ છે. નવા વર્ષમાં વધુ ૫૦૦ જેટલા સેલ્ફ હેલ્પ ગૃપ રચવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. આ સેલ્ફ હેલ્થ ગૃપની બચત સામે રૂા.૨૫૦૦૦ નું મહત્તમ રીવોલ્વીગ ફંડ ગ્રાન્ટ સ્વરૂપે ફાળવવામાં આવશે. આ ગૃપને બેંક મારફત ધિરાણ મળે તેવી પણ વ્યવસ્થા પણ કરવામાં આવશે. જે માટે રાજ્ય સરકારશ્રી તરફથી રૂા.....ની ફાળવણી કરવામાં આવી છે.

૧૩.૩ નાગરિકોને નજીકના વિસ્તારમાં જ નોંધણીની સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી યુનિક આઈડેન્ટીફીકેશન કાર્ડ-આધાર કાર્ડની નોંધણી માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ વાઈઝ નોંધણી કેન્દ્રો શરૂ કરવામાં આવી રહ્યા છે. આ માટે જરૂરી બિલ્ડીંગ, ફર્નિચર, વીજળી તથા આનુષાંગિક સુવિધાઓ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવે છે. આગામી વર્ષે આ સુવિધાઓ વધારવામાં આવશે.

૧૩.૪ લાયબ્રેરી:

રાજ્ય સરકારશ્રીનાં સ્વર્ણિમ ગુજરાત માન.મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શૈક્ષણિક સેવાઓ અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં કુલ ૩ લાયબ્રેરી બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. ઈસ્ટ , સેન્ટ્રલ તેમજ વેસ્ટ એમ ત્રણે ઝોનમાં બનનારી લાઈબ્રેરીનો ખર્ચ સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકસ યોજનામાથી કરવામાં આવશે.

૧૩.૫ સેન્ટર ફોર ડોક્યુમેન્ટ, ઇન્ફોર્મેશન એન્ડ લર્નિંગ.
(Documentation, Information & Learning)

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરીકે રાજકોટ મહાનગરપાલિકાએ સતત લોકો વચ્ચે રહી લોકો માટે કાર્ય કરવાના હોય છે, ત્યારે લોકોને શક્ય તેટલી વધુ સુખ સવિધાઓ અને ઉપયોગી માહિતી આસાનીથી ઉપલબ્ધ થાય એ ખુબજ આવશ્યક બની રહે છે. આવા સંજોગોમાં મહાનગરપાલિકા પાસે એક એવું વ્યવસ્થા તંત્ર હોય કે જે વહીવટી તંત્ર અને લોકો વચ્ચે સેતુ બની રહે. આવા ઉમદા આશયથી મહાનગરપાલિકામાં "સેન્ટર ફોર ડોક્યુમેન્ટ, ઇન્ફોર્મેશન એન્ડ લર્નિંગ." (D.I.L) કાર્યરત કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો છે.

આ નવું સેન્ટર મહાનગરપાલિકાની સંસ્થાકીય માહિતી અને સ્મૃતિઓનું દસ્તાવેજીકરણ, એકત્રીકરણ, આધુનિકરણ અને જાળવણીનું કાર્ય કરશે. આ ઉપરાંત ઉપલબ્ધ માહિતીનું દસ્તાવેજીકરણ, સંકલન અને વર્ગીકરણ પણ થશે. વિશેષમાં D.I.L દ્વારા લોકો અને મિડીયા સાથે માહિતીનો પ્રચાર-પ્રસાર સંસ્થાકીય પ્રકાશનો, મિડીયા માટે શુભેચ્છા જાહેરાતો, ટી.વી. ડોક્યુમેન્ટરી અને મીડિયા સંકલનની કામગીરી થશે. અહીં તાલીમ કાર્યક્રમો, સેમિનાર, વર્કશોપ વિગેરેનું પણ આયોજન થશે આ માટે આગામી બજેટમાં રૂા.૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૧૪ ઉપસંહારઃ-

મહાનગરપાલિકાનાં અધિક સાધનો ટાંચા છે. વિજળી, બળતણ અને કર્મચારીઓનાં પગારમાં થયેલા વધારાનાં કારણે શહેરી સેવાઓની જાળવણી અને મરામત દિનપ્રતિદિન દુષ્કર થઇ રહી છે. હવે આપણી પાસે વધતી મોંઘવારીની સાથે વધતો જતો આવકનો એક માત્ર સ્ત્રોત ઓકટ્રોય પણ નથી. નવા પમ્પીંગ સ્ટેશનો વધે

છે, પાણી દૂરથી લાવવું પડે છે, તે ભગીરથ કાર્યમાં વિજળી વપરાશ વધતો જાય છે, બીલ પણ વધે છે, ડીઝલનો ભાવ વધારો પણ મહાનગરપાલિકાને સીધી તેમજ આડકતરી રીતે કનડે છે. છતાં સૌનાં સાથ અને સહકારથી મૂળભૂત સેવાઓની આપૂર્તિમાં આપણે કોઇપણ વિક્ષેપ પડવા દીધો નથી. જો કે આ પરિસ્થિતિ ચિંતાજનક તો છે જ, આથી વિપરીત મૂડીગત ખર્ચ માટે કેન્દ્ર સરકારની જે.એન.એન.યુ.આર.એમ. અને રાજ્ય સકારની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના આપણને મદદરૂપ થતી આવી છે. આગામી વર્ષે જે.એન.એન.યુ.આર.એમ. આધારીત કોઇ નવી યોજના ઉપલબ્ધ ન હોવાથી તે બાબતે કોઇ નવું આયોજન શક્ય નથી, પરંતુ સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ માતબર મૂડીગત પ્રોજેક્ટસનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકાનાં આ ભગીરથ કાર્યમાં શહેરીજનોએ પોતાનો પૂર્ણ સહકાર આપ્યો છે. મૂળભૂત સેવાઓની જરૂરિયાત બાબતે પણ લોકોએ અમને માર્ગદર્શન આપ્યું છે. અને એથી જ કદાચ અમે સેવાઓ સુપેરે આપી શક્યા છીએ.

અખબારી માધ્યમો પ્રજાનો અવાજ છે, રાજકોટ શહેરમાં સંખ્યાની દ્રષ્ટિએ અને ગુણવત્તાની દ્રષ્ટિએ અખબારી માધ્યમનો દબદબો છે. મહાનગરપાલિકા અને પ્રજા સાંકળવાનો, લોકમિજાજને પારખવાનો અને અમને વખતોવખત સાચી દિશા તરફ અંગૂલિનિર્દેશ કરવાનો પુરૂષાર્થ સ્થાનિક પ્રિન્ટ મિડીયા અને ઇલેકટ્રોનીક મિડીયાએ હંમેશા કર્યો છે, જેની આ પ્રસંગે પુનઃ નોંધ લેવી આવશ્યક ગણું છું.

પ્રજાના પ્રતિનિધિઓ એવા કોર્પોરેટરશ્રીઓ અને સત્તાધારી કે વિરોધ પક્ષ સહિત તમામ રાજકીય પક્ષોનાં અન્ય પ્રતિનિધિઓનું પણ માર્ગદર્શન મળતુ રહ્યું છે. એમની રજૂઆત હકારાત્મક રહી છે, વિકાસ સૂચક રહી છે, એની આ તબક્કે નોંધ લેવી જરૂરી છે.

મહાનગરપાલિકાનાં અધિકારીઓ અને કર્મચારીઓ પોતાનાં વિશેષ અનુભવ ધરાવે છે, તેઓની કાર્ય પધ્ધતિ પ્રજાલક્ષી છે. સેવા આપૂર્તિ માટેનાં તેમના પ્રયત્નો ઉલ્લેખનીય છે.

ગત દસકામાં રાજકોટ શહેરનું કદ દસ લાખ હતું, હવે વધતું જાય છે. વિસ્તાર વધે, વસ્તી વધે એટલે મુશ્કેલી વધે, પરંતુ ઝાઝા હાથ રળિયામણાં એ ન્યાયે આપણે સુરમ્ય શહેરનું સ્વપ્ન સાકાર કરી શકીશું આ તબક્કે આ પડકાર રૂપ કાર્યમાં સૌને પોતપોતાનો યથા શકિત સહકાર આપવા વિનંતિ કરૂ છું. માળખાકીય સેવાઓ આપવાની બધી જ જવાબદારી અમારી છે, પરંતુ લોકો જો યોગદાન આપે તો શહેર બહેતર બને, જ્યાં ત્યાં કચરો ન નાંખીને, પાણી ન વેડફીને, શહેરની પરિવહન સેવામાં પ્રવાસ કરીને, રોગચાળો ટાળવાનાં પગલામાં સહકાર આપીને અને પોતાનો મિલ્કત વેરો નિયમિત સમયસર ભરપાઇ કરીને લોકો આ શહેર પ્રત્યેની પોતાની નિષ્ઠા જરૂર બતાવશે, એની મને શ્રધ્ધા છે.

મહાનગરપાલિકાનાં કમિશનર તરીકે બીજુ અંદાજપત્ર રજૂ કરી રહ્યો છું. સમરસ વિકાસ કરવાની નેમ સાથે પાણી આપૂર્તિ અને પરિવહન સેવા વિશેષ, વર્ષ–૨૦૧૨-૧૩ નાં રીવાઇઝડ અને વર્ષ–૨૦૧૩-૧૪ નાં મુખ્ય અંદાજપત્રની દરખાસ્તો સ્થાયી સમિતિમાં રજૂ કરૂ છું.

તારીખઃ-૩૧-૦૧-૨૦૧૩.

અજય ભાદૂ (IAS)
કમિશનર

આર.એમ.સી.સી.૪૮૧

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા. ૩૦/૦૧/૨૦૧૩

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

રાજકોટ મહાનગરપાલિકાનું નાણાંકીય વર્ષ–૨૦૧૨–૧૩ નું પુરવણી અંદાજપત્ર તેમજ નાણાંકીય વર્ષ સને–૨૦૧૩–૧૪ નું અંદાજપત્ર તૈયાર કરી આ સાથે રજુ કરેલ છે. જે સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં રજુ કરાવી જરૂરી ઠરાવ કરાવશો.

(સહી)અજય ભાદૂ
કમિશનર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

આર.એમ.સી.સી.૪૮૨

રાજકોટ મહાનગરપાલિકા,
કમિશનર વિભાગ,
તા.૩૦/૦૧/૨૦૧૩

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

સને ૨૦૧૩–૧૪ ના વર્ષ માટે મહાનગરપાલિકા દ્વારા વસૂલવામાં આવતાં સામાન્યકર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર, તથા પાણી ચાર્જ/ટેક્ષની રકમ મિલ્કત ધારકો પોતાની ભરવાપાત્ર રકમ માટે પ્રોત્સાહિત થાય તેમજ મહાનગરપાલિકાની લેણી નિકળતી રકમ માંગણા નોટિસ વગર સહેલાયથી મળી રહે તે માટે નીચે મુજબ વળતર યોજના જાહેર કરવાં દરખાસ્ત છે.

(૧) નવા નાંણાકીય વર્ષ વસૂલાત શરૂ કર્યાની તારીખથી ૩૧ મે સુધીમાં સામાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દિવાબતી કર, પાણી ચાર્જ/ટેક્ષનું વ્યાજ/નોટિસ ફી સહિતની ચડત વેરાની પૂરેપૂરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૩–૧૪ ની સામાન્ય કર, સફાઈકર, ફાયર ટેક્ષ તથા પાણી ચાર્જ/ટેક્ષની રકમનાં ૧૦% વળતર આપવું.

(૨) ઉપરોકત (૧)માં જણાવેલ મુદત પૂરી થયેલ ત્યાર પછીના ૩૦ દિવસની અંદર એટલે કે ૧ જૂન–૨૦૧૩થી ૩૦ જૂન–૨૦૧૩ સુધીમાં સમાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દિવાબતી કર, પાણી ચાર્જ ટેક્ષનું વ્યાજ/નોટિસ ફી સહિતની ચડત વેરાની પૂરેપૂરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૩–૧૪ ની સામાન્ય કર, સફાઈ કર, ફાયર ટેકસ, પાણી ચાર્જ/ટેક્ષની રકમનાં ૫% વળતર આપવું.

(૩) ઉપરોકત (૧) તથા (૨)માં જણાવેલ વિગતે ફકત મહિલાઓના નામે જ હોય તેવી મિલ્કતોમાં આપેલ વળતર ઉપરાંત વિશેષ ૫% વળતર આપવું. ઉપરોકત મુજબની વળતર યોજના અમલી બનાવવાના નિતિ વિષયક નિર્ણય અર્થેની આ દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજૂ કરાવી ઘટિત ઠરાવ કરાવશો.

(સહી)અજય ભાદૂ
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૪૮૩

રાજકોટ મહાનગરપાલિકા,
કમિશનર વિભાગ,
તા.૩૦/૦૧/૨૦૧૩

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

આગામી નાણાકીય વર્ષ ૨૦૧૩–૨૦૧૪ દરમિયાન બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ ની કલમ ૧૨૭, ૧૨૯ તથા ૯૯ હેઠળ જુદા–જુદા કરવેરા જેવા કે, સામાન્યકર, સફાઈકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ચાર્જ, પાણી ચાર્જ/ટેક્ષ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાનાં થાય છે, તે નીચે મુજબ દર્શાવેલ છે.

૧. **<u>સામાન્ય કર</u> :**
તા. ૧/૪/૨૦૧૩ થી ૩૧/૩/૨૦૧૪નાં સમયગાળા માટે, જમીનોની તથા મકાનોની કિંમતોની નીચે જણાવેલ દરો મુજબ સામાન્યકર લેવા દરખાસ્ત છે. જેમાં બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ની કલમ–૧૩૨માં જણાવેલ જમીનો તથા મકાનો કરમુકત રહેશે. નીચે કોલમ–૧ માં જણાવેલ કરપાત્ર કિંમતવાળા મકાનો તથા જમીનો ઉપરનો સામાન્ય કર કોલમ–૨માં, દર્શાવ્યા મુજબનો રહેશે.

કરપાત્ર કિંમત	સામાન્ય કરના દર
કોલમ–૧	કોલમ–૨
રૂા. ૦ થી વધુ રૂા. ૬૦૦ સુધી	કરમુકત
રૂા. ૬૦૧ થી વધુ રૂા. ૨૦૦૦ સુધી	૧૨ ટકા
રૂા. ૨૦૦૧ થી વધુ રૂા. ૫૦૦૦ સુધી	૧૫ ટકા
રૂા. ૫૦૦૧ થી વધુ રૂા. ૭૦૦૦ સુધી	૨૩ ટકા
રૂા. ૭૦૦૧ થી વધુ રૂા. ૧૦,૦૦૦ સુધી	૨૫ ટકા
રૂા. ૧૦,૦૦૧ થી વધુ માટે	૩૦ ટકા

૨. **<u>થીયેટર ટેક્ષ</u> :**
સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ દરમિયાન થીયેટર ટેકસ નીચે મુજબ વસૂલ કરવા દરખાસ્ત છે.
(અ) સિનેમા પ્રત્યેક શો દીઠ ..... રૂા. ૫૦–૦૦

૩. **<u>ખુલ્લા પ્લોટ</u> :**
સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે ખુલ્લા પ્લોટ ઉપર ટેકસ વસૂલ કરવાનો દર સને ૨૦૦૬–૨૦૦૭નાં વર્ષ માં જ.બો.ઠ. નં. ૪૧ તા. ૨૦/૦૨/૨૦૦૬ થી મંજૂર થયા મુજબ યથાવત રહેશે.

૪. **<u>ફાયર ટેક્ષ</u> :**
સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે ફાયર ટેક્ષના દર સને ૨૦૦૭–૨૦૦૮ના વર્ષમાં જ.બો.ઠ. નં. ૪૫ તા.૧૮/૦૨/૨૦૦૮ થી મંજૂર થયા પ્રમાણે યથાવત રહેશે.

૫. **<u>વાહન કર</u> :**
સને ૨૦૧૩–૧૪ માટે વાહન કરની અલગથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

૬. **<u>દિવાબતી કર</u> :**
સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે દિવાબતી કરના દર સને ૨૦૧૦–૨૦૧૧ના વર્ષમાં જ.બો.ઠ. નં. ૫૪ તા.૧૬/૦૨/૨૦૧૦ થી મંજૂર થયા પ્રમાણે યથાવત રહેશે.

૭. **<u>સફાઈ કર</u> :**
સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે સફાઈ કરના દર સને ૨૦૧૦–૨૦૧૧ના વર્ષમાં જ.બો.ઠ.નં. ૫૩ તા. ૧૬/૦૨/૨૦૧૦ થી મંજૂર થયા પ્રમાણે યથાવત રહેશે.

૮. **પાણી દર :**

સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે પાણી વેરાના દર જ.બો.ઠ.નં. ૫૧ તા. ૧૬/૦૨/૨૦૧૦થી મંજૂર થયા પ્રમાણે નીચે મુજબ ના રહેશે.

(અ) લો–રાઈઝ રહેણાંક તથા ફ્લેટ ટાઈપના મકાનો અને રહેણાંક સિવાયના મકાનો માટે નળ કનેકશન સાઈઝ પ્રમાણે પાણી પૂરું પાડવા માટે ઉપયોગ પ્રમાણે દર કેલેન્ડર માસ અથવા તેના ભાગ માટે નીચે પ્રમાણે પાણીના દર રહેશે.

૧/૨ ઈંચ કનેકશનનો પ્રકાર	હાલનો દર
રહેણાંક કનેકશન	વાર્ષિક રૂા. ૮૪૦/–
બીન–રહેણાંક કનેકશન	વાર્ષિક રૂા. ૧૬૮૦/–

(બ–૧) મીટરથી પાણી પૂરું પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી દેવાનું ફરજિયાત હોય છતાં મીટરબેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે રહેશે.

નળ કનેકશનની સાઈઝ	હાલનો સરકાર માન્ય શાળા તેમજ સરકારી રહેણાંક ઉપયોગ માટેવપરાશનાં નળ કનેકશનનો ઓછામાં ઓછો માસિક દર	બીન રહેણાંક તેમજ બાગબગીચાનાં વપરાશમાં નળ કનેકશનનો ઓછામાં ઓછો માસિક દર
૩/૪" (૨૦ મી.મી.)	504	4060
૧" (૨૫ મી.મી.)	840	6720
૧ ૧/૪" (૩૦ મી.મી.)	1260	10080
૧ ૧/૨" (૪૦ મી.મી.)	2100	16800
૨" (૫૦ મી.મી.)	3360	26880
૨ ૧/૨" (૬૫ મી.મી.)	5040	40320
૩" (૮૦ મી.મી.)	8400	67200
૪" (૧૦૦ મી.મી.)	12600	100800
૬" (૧૫૦ મી.મી.)	18900	151200
૮" (૨૦૦ મી.મી.)	25200	201600
૧૨" (૩૦૦ મી.મી.)	33600	268800

(બ–૨) શહેરનાં હાઈરાઈઝ રહેણાંક મકાનો કે જેમાં મીટરથી પાણી પૂરું પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી દેવાનું ફરજિયાત હોય છતાં મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે છે.

નળ કનેકશનની સાઈઝ	હાલના રહેણાંક મકાનો માટેનો ઓછામાં ઓછો માસિક દર
૩/૪" (૨૦ મી.મી.)	302
૧" (૨૫ મી.મી.)	504
૧ ૧/૪" (૩૦ મી.મી.)	756
૧ ૧/૨" (૪૦ મી.મી.)	1260
૨" (૫૦ મી.મી.)	2016
૨ ૧/૨" (૬૫ મી.મી.)	3024
૩" (૮૦ મી.મી.)	5040
૪" (૧૦૦ મી.મી.)	7560
૬" (૧૫૦ મી.મી.)	11340
૮" (૨૦૦ મી.મી.)	15120
૧૨" (૩૦૦ મી.મી.)	20160

(ક) મીટરથી લેવામાં આવતાં પાણીના સરકાર માન્ય શાળા માટે રૂા. ૧૨/– તેમજ રહેણાંક ઉપયોગ માટે રૂા. ૨૪/– દર ૧૦૦૦ લીટર દીઠ તેમજ સરકાર માન્ય શાળા તેમજ રહેણાંક સીવાયનાં જેવા કે બાગ–બગીચા, ઉદ્યોગ વ્યવસાયિક ઉપયોગ માટે દર ૧૦૦૦ લીટર દીઠ રૂા. ૪૮/– અથવા લઘુતમ દર એ–બેમાંથી વધારે હોય તે વસૂલ કરવાનો રહેશે. ૩/૮'' (૧૦ મી.મી.) સાઈઝના નળ કનેકશન માટેનો પાણી કર, ૧/૨''(૧૫ મી.મી.) ના નિયત દર પ્રમાણે પાણી કર નિયત કરી તે પ્રમાણે વસૂલ કરવાનો રહેશે.

૯. **<u>ડ્રેનેજ ટેક્ષ</u> :**

સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે સને ૨૦૧૧–૨૦૧૨ના વર્ષમાં જ.બો.ઠ. નં. ૫૧ તા. ૧૯/૦૨/૨૦૧૧થી મંજૂર થયા મુજબ ડ્રેનેજ ટેક્ષ નેટ કરપાત્ર રકમનાં ૫% અથવા રૂા. ૩૦૦/– બે માંથી જે વધારે હોય તે પ્રમાણે યથાવત રહેશે.

ઉપરોકત મુજબની કર વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી ઘટીત ઠરાવ કરાવશો.

(સહી)અજય ભાદૂ
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૪૮૪

રાજકોટ મહાનગરપાલિકા,
કમિશનર વિભાગ,
રાજકોટ.
તા.૩૦/૦૧/૨૦૧૩

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

છેલ્લા દશેક વર્ષથી રાજકોટ શહેરનો અવિરત પણે વિકાસ થઇ રહયો છે. વાહનોની સંખ્યામાં દિન પ્રતિદિન ખુબજ વધારો થઇ રહેલ છે. જેના પરીણામે ટ્રાફીક અને પ્રદુષણની સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરી રહી છે.

આ સમસ્યાનું નિવારણ લાવવા માટેના આયોજનના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાએ BRTS પ્રોજેકટ હાથ ધરેલ છે. BRTS નો હેતુ માસ ટ્રાન્સપોર્ટશન વધુ સઘન બનાવવાનો છે. લોકો પોતાના પ્રાઇવેટ વાહનનો ઉપયોગ ઓછો કરે અને માસ ટ્રાન્સપોર્ટશનનો ઉપયોગ વધુ કરે તે ઇચ્છનિય છે. હાલ પ્રાપ્ય માહિતી મુજબ શહેરમાં અંદાજે વાર્ષિક ૫૫ હજાર વાહનોનો ઉમેરો થાય છે, જો આ ઝડપે વાહન વધારો થાય તો આગામી દિવસોમાં ટ્રાફિક વ્યવસ્થા ખોરંભે પડે તેવી પુરી સંભાવના છે. આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાને દર વર્ષે રસ્તા રીપેરીંગ માટે માતબર રકમનો ખર્ચ કરવો પડે છે, તેમજ દિન-પ્રતિદિન વધતા જતા ખર્ચને પહોંચી વળવા માટે તથા લોકો માસ ટ્રાન્સપોર્ટેશન તરફ આકર્ષાય તે માટે વાહન વેરાના દરમાં ફેરફાર કરવો જરૂરી જણાય છે. હાલમાં વાહન વેરાનો દર નીચે મુજબ છે :

વાહન નું આયુષ્ય --→		૦-૧	૧-૨	૨-૩	૩-૪	૪-૫	૫-૬	૬-૭	૭-૮	૮-૯	૯-૧૦
વાહનની આયુષ્ય સંદર્ભ વાહન કરની ટકાવારી	વાર્ષિક કર	૧૦૦%	૯૫%	૯૦%	૮૫%	૮૦%	૭૫%	૭૦%	૬૫%	૬૦%	૫૦%
૧)- મોટર લોરી											
ક-૩૦વેટ નો બોજો ખેંચી જવા માટે	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
ખ-૩૦થી૬૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૧૮	૧૮૦	૧૭૧	૧૬૨	૧૫૩	૧૪૪	૧૩૫	૧૨૬	૧૧૭	૧૦૮	૯૯
ગ- ૬૦થી૯૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૨૪	૨૪૦	૨૨૮	૨૧૬	૨૦૪	૧૯૨	૧૮૦	૧૬૮	૧૫૬	૧૪૪	૧૩૨
ઘ- ૯૦થી૧૨૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૩૦	૩૦૦	૨૮૫	૨૭૦	૨૫૫	૨૪૦	૨૨૫	૨૧૦	૧૯૫	૧૮૦	૧૬૫
ચ- ૧૨૦થી૧૫૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૩૬	૩૬૦	૩૪૨	૩૨૪	૩૦૬	૨૮૮	૨૭૦	૨૫૨	૨૩૪	૨૧૬	૧૯૮
છ- ૧૫૦ હંદ્રવેટથી ઉપર	૪૨	૪૨૦	૩૯૯	૩૭૮	૩૫૭	૩૩૬	૩૧૫	૨૯૪	૨૭૩	૨૫૨	૨૩૧
૨) ટ્રેલરો											
ક- ૪૦ હંદ્રવેટથી ઓછું	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
ખ- ૪૦ હંદ્રવેટથી વધુ	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
૩) ખાનગી મોટરો											
ક- ૧૫ હંદ્રવેટથી ૩૦ હંદ્રવેટ	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
ખ- ૩૦ હંદ્રવેટથી વધુ	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
ગ) ભાડે ફેરવવાની	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
૪) મોટર સાયકલ/ઓટોરીક્ષા											
ક-૨૦૦ પાઉન્ડ થી ઓછું	૩	૩૦	૨૯	૨૭	૨૬	૨૪	૨૩	૨૧	૨૦	૧૮	૧૭
ખ-૨૦૦ પાઉન્ડ થી વધું	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩

ઉપરોકત વિગત જોતા વાહન વેરાના દર અત્યંત નીચા છે જેના પરીણામે છેલ્લા ત્રણ વર્ષની આવક ૨૦૦૮/૨૦૦૯, ૨૦૦૯/૧૦ અને ૨૦૧૦/૨૦૧૧ ની અનુક્રમે આવક રૂ.૮,૭૧,૯૮૦, રૂ.૧૧,૫૮,૩૬૦ અને રૂ.૧૩,૬૪,૦૭૦ થયેલ છે. જે આપણા બજેટના માત્ર ૦.૦૨% જેવી થાય છે.

આ અંગે અમદાવાદ મહાનગરપાલિકાની વિગતો મંગાવતા તેઓનો હાલનો દર નીચે મુજબ છે.

અ.નં.	વાહન નો પ્રકાર	આજીવન કરનો દર રૂ.
૧	સ્કુટર,મોટરસાયકલ, થ્રીચક્રી વાહનો	૧૦૦૦-૦૦
૨	ઓટો રીક્ષા	૧૨૦૦-૦૦
૩	લોડીંગ રીક્ષા	૧૫૦૦-૦૦
૪	મોટરકાર તથા ૧૦૦૦ સી.સી.સુધી.તથા પ્રત્યેક વધારાના સી.સી.દીઠ રૂ.૨/- વધારાના લેવા	૨૦૦૦-૦૦
૫	મેટાડોર-મીનીબસ	૫૦૦૦-૦૦
૬	ટ્રક તથા મોટી બસ	૮૦૦૦-૦૦

ઉપરાંત તાજેતરમાં ઉપરોકત દરમાં પણ વધારો કરવા માટે નીચે મુજબ દરખાસ્ત થયેલ છે.

અ.નં.	વાહન નો પ્રકાર	આજીવન કરનો દર
૧	સ્કુટર,મોટરસાયકલ,થ્રીચક્રી વાહનો	બેઝીક પ્રાઇઝના ૨.૫% લેખે
૨	ઓટો રીક્ષા	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૩	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૪	મોટરકાર તથા ૧૦૦૦ સી.સી.સુધી.તથા પ્રત્યેક વધારાના સી.સી.દીઠ રૂ.૨/- વધારાના લેવા	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૫	મેટાડોર-મીની બસ	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૬	ટ્રક તથા મોટી બસ	બેઝીક પ્રાઇઝના ૧% લેખે

રાજકોટ આર.ટી.ઓ. પાસેથી મેળવેલ વિગતો ધ્યાને લેતા વાર્ષિક ૫૫૦૦૦ મોટર કાર અને થ્રીચક્રી વાહનોનો શહેરની હદમાં ઉમેરો થાય છે. ઉપરોકત વાહનોની સંખ્યાને ધ્યાને લેતા અમદાવાદ મહાનગરપાલિકાના ધોરણે વાહન વેરો લેવામાં આવે તો રાજકોટ મહાનગરપાલિકાની આવક રૂ.૬૬૪.૪૩ લાખ થઇ શકે તેમ છે.

વાહન વેરા વધારવા માટે જનરલ બોર્ડ દ્વારા ઠરાવ નં.૨૭ તા.૨૦/૦૪/૨૦૦૦ થી સરકારશ્રીની મંજુરી મેળવવા મોકલવામાં આવેલ પરંતુ સરકારશ્રીના પત્ર.નં.૨મન/૮૦૨૦૦૦/૩૧૯૭/પી તા.૧૭/૦૬/૨૦૦૦ થી જણાવવામાં આવેલ છે કે, મુંબઇ મોટર વ્હીકલ એકટની કલમ-૨૦ અન્વયે વાહન કરનાં દરમાં સુધારો કરી શકાતો નથી. ફકત ટેક્ષ ઉધરાવવાની પધ્ધતિમાં ફેરફાર કરવાની સત્તા સ્થાનિક સ્વરાજયના ક્ષેત્રાધિકારની બાબત છે.

આમછતાં અમદાવાદ મ્યુ.કોર્પોરેશન દ્વારા વાહન વેરાની રકમ લમસમ કરી ટેક્ષમાં વધારો સૂચવવામાં આવેલ જેની સરકાર દ્વારા ઠરાવ ક્રમાંક/૨મન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા.૧૬/૦૫/૨૦૦૮ દ્વારા મંજુરી આપવામાં આવેલ છે.

સમગ્ર હકીકત ધ્યાને લેતા નીચેની વિગતે BPMC એકટની કલમ ૧૨૭ અને ૧૨૯ હેઠળ વાહનવેરાનો દર આજીવન કર તરીકે નિયત કરવા યોગ્ય જણાય છે.

અ.નં.	વાહન નો પ્રકાર	આજીવન કરનો દર
૧	બિન યાંત્રિક વાહનો	શુન્ય (કરમુકત)
૨	યાંત્રિક વાહનો	બેઝીક પ્રાઇઝના ૧% લેખે

ઉપરોકત વિગતે જરૂરી ઠરાવ થવા સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરી જરૂરી ઠરાવ કરાવશો.

(સહી)અજય ભાદૂ
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

રાજકોટ મહાનગરપાલિકાનાં વર્ષ-૨૦૧૩/૧૪નાં બજેટ અંગે સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેનશ્રી ડૉ.જૈમન ઉપાધ્યાયનું પ્રેસ નિવેદન.

તા.૦૮/૨/૨૦૧૩

રાજકોટ મહાનગરપાલિકાનાં શાસક પક્ષ ભારતીય જનતા પાર્ટીએ ગતવર્ષની તુલનાએ આ વર્ષે બદલાયેલા સંજોગો અને હયાત પરિસ્થિતિને ગંભીરતા પૂર્વક નજર સમક્ષ રાખી મ્યુનિસિપલ કમિશનરશ્રીએ નવા નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માટે સુચવેલા રૂ.૧૦૯૦૭૭.૫૦ લાખના અંદાજપત્રમાં આવશ્યકતા મુજબ ફેરફારો સુચવી રૂ.૧૧૫૨૧૫ લાખના અંદાજપત્રને આખરી ઓપ આપ્યો છે. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તરીકે મારૂ સતત બીજું અને સમગ્ર રીતે જોઈએ તો ત્રીજું અંદાજપત્ર રજુ કરતાં હું હર્ષની લાગણી અનુભવું છું.

સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટ શહેરના ઝડપી વિકાસે ગ્રામ્ય જનતાને શહેરમાં સ્થળાંતર કરવા આકર્ષિત કરી છે. શહેરની નોંધાયેલી વસ્તી કરતાં વાસ્તવિક આંકડો સ્વાભાવિક પણે મોટો હોય. આ સંજોગોમાં મહાપાલિકાની જવાબદારી પણ અનેકગણી વધી જાય છે. શહેરની સામાજીક, આર્થીક અને સાંસ્કૃતિક પ્રગતીની ગાથા સર્વસમાવેશક વિકાસનીતિ સાથે આગળ ધપાવવાની નેમ ધરાવતી ભારતીય જનતા પાર્ટી આગામી વર્ષમાં લોકોને આવશ્યક સેવાઓ વિના અવરોધે ઉપલબ્ધ બને તે ઉપરાંત પીવાના પાણીની મુખ્ય જરૂરીયાત સંતોષાય તે સુનિશ્ચિત કરવામાં કોઈ કસર નહિ છોડે. નજીકના ભૂતકાળમાં માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા રાજય સરકારના અન્ય મંત્રીશ્રીઓએ વખતો વખત રાજકોટવાસીઓને એવી ખાતરી આપેલી છે કે પાણીના વાંકે કોઈને મુશ્કેલી નહિ પડે. અત્યારે પણ રાજકોટ સંપૂર્ણપણે રાજયસરકારશ્રી તરફથી આપવામાં આવતા નર્મદાનીર પર આધારીત છે છતાં શહેરની પાણીની પરિસ્થિતિ એકંદરે સંતોષકારક છે જેના સૌ સાક્ષી છે. હું આશા રાખું છું કે આગામી સમયમાં પણ લોકો સમય સંજોગોને સમજીને વહીવટી તંત્રને આ પડકારરૂપ સમયને પાર કરવામાં સહયોગ આપશે. ચાલુ વર્ષે ચોમાસું સંપૂર્ણ નિષ્ફળ રહ્યું પરિણામે આપણે હાલની જળ કટોકટીનો સામનો કરી રહયા છીએ. શહેરની આશરે ૧૪ લાખની વસ્તીને પાણી ઉપરાંત અન્ય આવશ્યક સેવાઓ પૂરી પાડવી એ જરાય નાનો-સુનો પડકાર નથી. જો કે ભારતીય જનતા પાર્ટી અને રાજકોટ મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર આ પડકારને રાજયસરકારશ્રી, શહેરીજનો તથા પ્રચાર-પ્રસાર માધ્યમના સહકારથી પહોંચી વળશે તેવી મને શ્રધ્ધા છે.

જે ઝડપે રાજકોટ શહેર વિકાસપથ પર ગતિ કરી રહ્યું છે તેને જોતા આ ગતિ ન અવરોધાય તે માટે માળખાકીય સુવિધાઓનાં ક્ષેત્રે મહાપાલિકાએ ગંભીરતા પૂર્વક પર્યાપ્ત ધ્યાન આપ્યું છે. શહેરીજનોને મળી રહેલી વિવિધ માળખાકીય સુવિધાઓમાં સારા રસ્તા અને સરળ તથા ઝડપી પરિવહન અગત્યની જરૂરીયાત છે. રાજકોટમાં દિવસે દિવસે વસ્તી અને વાહનોની સંખ્યામાં ઘણો વધારો થઇ રહ્યો છે ત્યારે મહાપાલિકા દ્વારા આ બાબત ધ્યાને લઇ સરળ ટ્રાફિક માટે નવા રસ્તા અને કમિશનરશ્રીએ સુચવેલા ૩ બ્રિજ ઉપરાંત પાંચ નવા બ્રિજ બનાવવામાં આવનાર છે. જેમાં સોરઠીયા વાડી ચોક અને સિવિલ હોસ્પિટલ ચોકમાં ઓવરબ્રિજ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રૈયા ચોકડી અને મવડી ચોકડી પાસે ઓવર બ્રિજ અને લક્ષ્મીનગર નાલા ખાતે અન્ડરબ્રિજ યોજનાનો સમાવેશ થાય છે. આ કામો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વધારાના રૂ.૬૦ કરોડ ફાળવવામાં આવેલ છે.

ગત વર્ષે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પદે નિયુક્તી પછી તુરંત જ મહાપાલિકાના આવકના નવા સ્રોત ઉભા કરવાનો પ્રયાસ કરવાની ખાતરી આપેલી. જેને પાળી બતાવવા અમોએ શકય તમામ પ્રયત્નો કર્યા છે. તે અંતર્ગત તાજેતરમાંજ શહેરમાં નવી વધારાની એફ.એસ.આઈ. રાજય સરકારશ્રીમાં મંજુર કરાવડાવી મહાપાલિકા માટે આવકનો એક નવો મજબુત સ્રોત ઉભો કરવા સફળતા મળેલ છે જેનો મને ખુબ આનંદ છે.

શાસકો પાસેથી લોકો ન્યુનતમ કર બોજ, પાણી, સારા રસ્તા, સ્વચ્છતા અને સફાઈ, શહેરની નયનરમ્યતા, ફરવા-ફરવાના સ્થળો, સરળ અને ઝડપી વહીવટી વ્યવસ્થા, સામાજીક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને તંત્ર તથા પ્રજા વચ્ચે આસાન આદાન-પ્રદાનની અપેક્ષા રાખતા હોય છે. શહેરના ભૌતિક વિકાસની પ્રક્રિયા આગળ ધપાવવાની સાથોસાથ મહાપાલિકા દ્વારા શહેરમાં શાળાઓ, આંગણવાડી અને આરોગ્ય સેવાઓ વધુ સક્ષમ બનાવવાના પ્રયાસો સતત ચાલુ રહેશે. શહેરીજનોનાં સ્વાસ્થ્ય પ્રત્યે શાસકો હરહંમેશ ચિંતિતિ રહયા છે. ખાસ કરીને ગંભીર બીમારી અને દર્દોની અતિ ખર્ચાળ સારવાર મેળવવાનું સામાન્ય માનવી માટે દુષ્કર બન્યું છે ત્યારે શાસકોએ હોસ્પિટલોને દર વર્ષે અપાતી આર્થિક સહાયમાં નોંધપાત્ર વધારો કરવાનો નિર્ણય કર્યો છે. આપણે જાણીએ છીએ કે કોઈપણ વ્યક્તિ માટે આંખ કેટલી કિંમતી છે. આંખ વગર માનવી પાંગળો બની જાય છે. આંખની રોશની બુઝાય તો માનવીનાં જીવનમાં પ્રસરતો અંધકાર વ્યક્તિને જે હદે લાચાર બનાવી દે છે તેની કલ્પના પણ ધ્રુજાવી દે છે. લોકોને, ખાસ કરીને આંખની બીમારીથી ત્રસ્ત દર્દીઓનાં હિતમાં ભાજપનાં શાસકોએ અનુદાન મેળવતી હોસ્પિટલમાં આંખની સારવાર અર્થે શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલનો ઉમેરો કરવાનું પણ નક્કી કર્યું છે, અને તેને રૂ.૨૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત કિડનીને લગત રોગોની સારવાર અર્થે B.T. સવાણી હોસ્પિટલને આપાતી રૂ.૨૦ લાખની રકમમાં રૂ.૧૦ લાખનો વધારો કરી રૂ.૩૦ લાખની ગ્રાન્ટ મંજુર કરાઇ છે, તો કેન્સર જેવા ગંભીર રોગની સારવાર માટે કેન્સર હોસ્પિટલને રૂ.૩૦ લાખની ગ્રાન્ટ તથા હાર્ટની સારવાર માટે શ્રી સત્યસાંઈ હાર્ટ હોસ્પિટલને રૂ.૪૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. શાળાઓ આધુનિક જમાના સાથે વધુ સાધન સુવિધાથી સજ્જ બને તેમજ મહાપાલિકા દ્વારા શહેરમાં ઉપલબ્ધ બનાવાયેલ આરોગ્ય સેવાઓ પણ વધુને વધુ આધુનિક બને તે માટે વહીવટી તંત્રએ પુરતી તકેદારી રાખી છે.

રાજય સરકારશ્રી દ્વારા આગામી ૫ વર્ષમાં રાજયમાં ગરીબ અને મધ્યમવર્ગના ઘરવિહોણા લોકો માટે ૫૦ લાખ આવાસ બનાવવાની નેમ રાખવામાં આવી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા પણ નવી આવાસ યોજનાઓ હાથ ધરી લોકસુખાકારીના આ મહાયજ્ઞમાં પોતાની યથોચિત આહુતી આપશે.

શહેરમાં વિકસી રહેલા નવા વિકસતા વિસ્તારોમાં તેમજ જુના વિસ્તારમાં સારા રસ્તાઓ, ભૂગર્ભ ગટરની સુવિધા, શહેરમાં સરળ પરિવહન માટે નવા બ્રિજ, નવા બગીચા અને બાળક્રિડાંગણ, માસ ટ્રાન્સપોર્ટેશન, જાહેર સલામતી અર્થે ફાયરબ્રિગેડ વ્યવસ્થા, વગેરે સુવિધાઓનો વ્યાપ સતત વધારતા રહેવા મહાનગરપાલિકા પ્રતિબદ્ધ છે. આ માટે આ બજેટમાં આવશ્યકતા મુજબ સ્ટેન્ડીંગ કમિટીએ જરૂરી ધનરાશીની જોગવાઈ કરી છે.

રાજકોટ શહેરમાં જે રીતે વાહનોની સંખ્યા વધી રહી છે એ જોતા હવે માસ ટ્રાન્સપોર્ટેશનની સેવા વધુ વિસ્તૃત બને અને લોકો સીટી બસ સેવા અને બી.આર.ટી.એસ. સેવાનો વધુ ને વધુ લાભ લે તે વર્તમાન સમયની માંગ છે. આ સેવાઓ વધુ અસરકારક બનાવવા મહાનગરપાલિકાએ ગંભીરતા પૂર્વક આયોજન હાથ ધરેલું છે અને ક્રમશઃ તેને અમલમાં મુકવામાં આવી રહ્યું છે.

રાજકોટ રંગીલું શહેર ગણાય છે. લોકો ફરવા-ફરવાના શોખીન છે. મહાપાલિકા શહેરમાં ફરવા લાયક હયાત સ્થળોનો વિકાસ કરે અને નવા ફેન્ગઆઉટ પોઈન્ટસ વિકસાવે તેવું લોકો ઇચ્છતા હોય છે. લોકોની આ ઈચ્છા પૂરી થાય તે દિશામાં મહાનગરપાલિકાએ જરૂરી આયોજનો કર્યા છે. જેમાં ઝું ડેવલોપમેન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક, હયાત રેસકોર્સનું નવીનીકરણ, અને આજી તથા ન્યારી ડેમ સાઈટ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે અને એ માટે જરૂરી બજેટ જોગવાઈ કરી છે. વિશેષમાં રાંદરડા તળાવ સાઈટ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ બોટિંગ, બર્ડ વ્યુઈંગ, ફાઉન્ટેન તેમજ અન્ય આકર્ષણો ઉમેરવામાં આવનાર છે.

એ પાયાની હકીકત છે કે કોઈપણ શહેરનો આર્થીક વિકાસ પાણી અને માળખાકીય સુવિધાઓ પર નિર્ભર હોય છે. મહાનગરપાલિકાએ ભાજપના શાસન દરમ્યાન આ મૂળભૂત લાક્ષણીકતાઓની હંમેશા દરકાર કરી છે. આ વાતની પ્રતીતિ સૌને વર્ષ ૨૦૧૩-૧૪ના બજેટમાં પણ થશે. આ બજેટમાં વિવિધ વિકાસકાર્યો માટે કરાયેલી નાણાકીય જોગવાઈઓ પર દ્રષ્ટીપાત કરીએ.

❖ **કર પ્રસ્તાવ**

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ અન્ય કોઈ વેરામાં વધારો નહિ સૂચવતા માત્રને માત્ર યાંત્રિક વાહનની કિંમતના ૧% લેખે વાહનવેરો વસુલવાનો પ્રસ્તાવ રજુ કરેલ છે. હાલ આજીવન રૂ.૧૨ અને રૂ.૧૨૦ જેવો મામુલી વાહનકર વસુલવામાં આવે છે. કમિશનરશ્રીના અનુમાન અનુસાર વાહનવેરાથી મહાપાલિકાની આવકમાં રૂ.૬.૫૦ કરોડ જેવો વધારો થઇ શકે છે. ગહન પરામર્શને અંતે સ્ટેન્ડીંગ કમિટીએ હાલના સંજોગો અને પરિસ્થિતિ ધ્યાને લઇ પ્રજા પર વધારાનો કોઇપણ વેરો નહિ લાદવાનો નિર્ણય કરી આ પ્રસ્તાવ પ્રજાના હિતમાં સ્વીકારેલ નથી.

❖ **પાણી પુરવઠા યોજના**

સૌ ગવાહ છે કે છેલ્લા એક દસકામાં રાજકોટ શહેરનો પુરપાટ વેગે વિકાસ થયો છે. દસ વર્ષ પૂર્વે શહેરની વસ્તી ૧૦ લાખ હતી. શહેરમાં નળ કનેક્શનોની સંખ્યા ૧.૧૦ લાખ અને પાઈપલાઈનનું નેટવર્ક ૧૧૫૦ કી.મી.માં પથરાયેલું હતું. જયારે પાણીની જરૂરીયાત ૯૦ એમ.એલ.ડી. હતી. એક દાયકા બાદ આજે પરિસ્થિતિ વધુ જવાબદારીપૂર્ણ બની છે. અત્યારે શહેરની વસ્તી આશરે ૧૪ લાખ અને નળ જોડાણોની સંખ્યા ૨.૪૧ લાખ છે. મતલબ કે શહેરની વસ્તી આશરે દોઢી થઇ છે જયારે નળ જોડાણોની સંખ્યા બમણાથી પણ વધારે નોંધાઈ ચુકી છે. એવીજ રીતે રોજની પાણીની જરૂરીયાતમાં પણ વધારો થયો છે. હાલ રોજ ૨૧૫ એમ.એલ.ડી. એટલે કે બમણા કરતાં પણ વધુ જળજથ્થો જરૂરી બન્યો છે, તો વળી પાઈપલાઈનનું નેટવર્ક પણ ૧૦ વર્ષમાં લગભગ બમણા જેટલું વિસ્તારીને ૨૨૫૦ કી.મી.માં પથરાઈ ચૂક્યું છે.

ગત ચોમાસું નિષ્ફળ રહેવાના પરિણામે આ વર્ષે રાજકોટ શહેર સમ્પૂર્ણપણે નર્મદા યોજના આધારીત પાણી વિતરણ વ્યવસ્થા પર નિર્ભર બન્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના તંત્રવાહકોની માફક જ રાજ્ય સરકારશ્રી પણ રાજકોટવાસીઓની ચિંતા કરે છે. વખતો વખત રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા અન્ય મંત્રીશ્રીઓએ રાજકોટને જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો પહોંચતો કરવાની અને પાણીના અભાવે કોઈને પણ મુશ્કેલી નહિ પડે એવી ખાતરી પણ આપેલી છે.

મહાપાલિકાએ પણ જરૂર પડ્યે ઉનાળાના સમયમાં પાણીની ઘટને પહોંચી વળવા રાજકોટ શહેરની આસપાસના લાલપરી, રાંદરડા, આણંદપર જળાશય વિસ્તારમાં બોર કરી ઘટતા પાણીનો જથ્થો પૂરો પાડવા

આયોજન કરવામાં આવ્યું છે. જે પૈકી નવા બોર કરવા અને નિભાવ મરામત કરવા રિવાઇઝડ બજેટમાં રૂા.૫૦ લાખ અને વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૦૦ લાખની જોગવાઇ કરીને આયોજન કરવામાં આવ્યું છે. શહેરના કેટલાક પછાત વિસ્તારોમાં તથા પાઇપ લાઇન નેટવર્કની સુવિધા ન ધરાવતાં વિસ્તારોમાં ટેન્કર દ્વારા પાણી વિતરણ અર્થે ચાલુ સાલનાં રીવાઇઝડ બજેટમાં રૂા.૭૭ લાખ તથા વર્ષ ૨૦૧૩-૧૪માં રૂા.૮૫ લાખની જોગવાઇ રાખવામાં આવી છે. તો JnNRUM અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪ માં ભવિષ્યનાં આયોજનનાં ભાગ રૂપે રૂા.૨૦ કરોડનાં વિવિધ કામો જેવા કે બેડી વોટર ફિલ્ટર પ્લાન્ટ તથા વોર્ડ નં૧૨માં યુનિવર્સીટી રોડ, વોર્ડ નંર૧ માં જેટકો ચોકડી વોર્ડ નં.૧૫માં જીલ્લા ગાર્ડન વોર્ડ નં.૧૦માં અમીનમાર્ગ, વોર્ડ નં.૧૭ માં માંડાડુંગર ખાતે હેડવર્કસ બનાવવા જોગવાઇ રાખવામાં આવેલ છે.

મહાપાલિકાએ ન્યારી-૧ ડેમની જળ સંગ્રહ ક્ષમતામાં વધારો કરવા તેની હાઈટ વધારવાની યોજના હાથ ધરેલી છે. આ કામગીરી સિંચાઇ વિભાગને સોપવામાં આવી છે અને આ માટે રૂ.૫૦ લાખની ડીપોઝીટ પણ આપી છે. હજુ વધુ ૫૦ લાખની ડીપોઝીટ આપવા માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનાની ટેન્ડર પ્રક્રિયા માર્ચ માસના અંતે શરૂ થશે. કામગીરી પૂર્ણ કરવાની મુદત લગભગ ૧૮ માસ રહેશે

❖ રોડ નેટવર્ક

શહેરની માળખાકીય સુવિધાઓમાં રોડ નેટવર્ક પણ ખુબ જ મહત્વનું અંગ ગણાય છે. શહેરના વ્યાપ, વસ્તી અને વાહનો વધી રહયા છે ત્યારે શહેરમાં સારા રસ્તાઓ પુરા પાડવાનું કાર્ય એક પ્રકાર સમાન જ ગણાય. નાના મોટા તમામ રસ્તાઓ મેટલીંગ, રીકાર્પેટ, રીસર્ફેસીંગની કામગીરી માટે વર્ષ ૨૦૧૨-૧૩ નાં રીવાઇઝડ બજેટમાં રૂા.૩૮૯૮ લાખ તેમજ વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૦૦૦ લાખની ફાળવણી કરી છે. જયારે આગામી વર્ષે સ્વર્ણિમ જંયતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ટી.પી. સ્કીમનાં મુખ્ય માર્ગો મેટલીગ/પેવર કરવા માટે રૂા.૬૦૪૦ લાખની માતબર જોગવાઇ કરવામાં આવી છે. સિમેન્ટ કોંક્રીટ રસ્તા પાછળ શરૂઆતી ખર્ચ વિશેષ હોય છે. પરંતુ તેવા રસ્તાની આવરદા દસ ગણી હોય છે. આગામી વર્ષે આ માટે રૂા.૧૦૦૦ લાખની ખાસ જોગવાઇ કરવામાં આવી છે. આગામી વર્ષમાં મહાપાલિકા દ્વારા અંદાજે ૧૩૧ કિમીના મેટલીંગ રસ્તા, ૨૭૧ કિમીના ડામરના રસ્તા, ૫.૭૫ કિમીના સી.સી. રસ્તા બનાવવામાં આવશે. તથા ૬ કી.મી.નાં એરિયામાં પેવિંગ બ્લોક પાથરવામાં આવનાર છે. તાજેતરમાં જ મહાનગરપાલિકાએ નાનામવા મેઈનરોડ સીમેન્ટ કોંક્રીટનો બનાવવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે એ સર્વવિદિત છે. આ ઉપરાંત અત્યારે પણ શહેરના અનેક વિસ્તારોમાં મેટલીંગ અને ડામર કાર્પેટ તેમજ રી-કાર્પેટીંગના કામો પુરજોશમાં ચાલી રહયા છે. ૧૫૦ફૂટ રીંગ રોડ પર રૈયા ચોકડીથી રૈયા ગામ સુધી સીમેન્ટ રોડ બનાવવાનાં ટેન્ડરો આવી ગયા છે અને ટૂંક સમયમાં બાકીની વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી વહેલી તકે આ કામગીરીનો પ્રારંભ થઇ જશે.

❖ ટ્રાફિક નિયમન અને બ્રિજ

શહેરમાં વસ્તી અને વાહનોની સંખ્યામાં થઇ રહેલ વધારાથી ટ્રાફિકની ગીચતા અનુભવાઈ રહી છે. આ પ્રશ્ન શકય તેટલો હળવો કરવા મહાપાલિકાએ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર શ્રી ચીમનભાઈ શુકલ સ્પ્લીટ ફ્લાય ઓવર બનાવી તેનું લોકાર્પણ કરેલ છે. જ્યારે ગોંડલ રોડ- મવડી રોડ ટ્રાયેન્ગલ ફ્લાય ઓવરનું હવે ટૂંક સમયમાં જ લોકાર્પણ થનાર છે. હાલમાં ભગવતી પરા અને રેલ નગર ખાતે બ્રિજ બનાવવાના પ્રોજેક્ટ હાથ ધરાયેલ છે. આગામી વર્ષના બજેટમાં નવા પુલ માટે ૩૫૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં આવેલા નાલા, પુલો રીપેરીંગ કામે ચાલુ વર્ષે રૂા.૪૫ લાખનો ખર્ચ થશે. શહેરનાં ટ્રાફિકને ધ્યાનમાં લઇને નાલા પુલો

દુરસ્તી તેમજ પહોળા કરવા માટે આગામી વર્ષે રૂા.૧૪૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. રાજકોટમાં દિવસે દિવસે વસ્તી અને વાહનોની સંખ્યામાં ઘણો વધારો થઇ રહ્યો છે ત્યારે મહાપાલિકા દ્વારા આ બાબત ધ્યાને લઇ સરળ ટ્રાફિક માટે નવા રસ્તા અને કમિશનરશ્રીએ સુચવેલા કુલ ૩ બ્રિજ પૈકી રૈયા રોડ - કિસાનપરા ચોક પાસેનાં ઓવરબ્રિજ અને મોરબી રોડ હાઈવે પાસેનાં ઓવરબ્રિજનાં પ્રોજેક્ટની કાર્યવાહી ગતિમાં છે. આ ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટીએ વધુ પાંચ નવા બ્રિજ બનાવવાનું સુચવેલ છે. જેમાં સોરઠીયા વાડી ચોક અને સિવિલ હોસ્પિટલ ચોકમાં ઓવરબ્રિજ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રૈયા ચોકડી અને મવડી ચોકડી ખાતે ઓવર બ્રિજ અને લક્ષ્મીનગર નાલા ખાતે અન્ડરબ્રિજ યોજનાનો સમાવેશ થાય છે. આ કામો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વધારાના રૂ.૫૦ કરોડ ફાળવેલ છે.

શહેરની સુચારૂ ટ્રાફિક નિયમન પ્રણાલી માટે નવા રસ્તા બનાવવા, રસ્તા પહોળા કરવા, બ્રિજનું નિર્માણ કરવું, વગેરે કાર્યોની સાથોસાથ મહાપાલિકા માસ-ટ્રાન્સપોર્ટેશનને પણ પ્રોત્સાહન આપવા ભરપુર પ્રયાસો કરી રહેલ છે. ટ્રાફિક નિયમનમાં મહત્વપૂર્ણ પુરવાર થઇ રહેલા ટ્રાફિક સાઇનેઝ, સાઇનબોર્ડ, ટ્રાફિક આઇલેન્ડ/સર્કલ વગેરે કામ માટે આ વર્ષે રીવાઇઝડ બજેટમાં રૂા.૧૬૮ લાખ અને આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૫૫ લાખનાં કામ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરી મહાપાલિકા અને રાજકોટ શહેર પોલીસના સંકલનમાં થશે.

❖ **ટ્રાન્સપોર્ટેશન**

શહેરમાં માસ ટ્રાન્સપોર્ટેશનને પ્રોત્સાહન આપી લોકોને વાહન પરિવહનની સુવિધા ઉપલબ્ધ બનાવવા મહાનગરપાલિકા ગંભીરતાપૂર્વક આગળ ધપી રહી છે. પ્રારંભિક તબક્કામાં હાલ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર BRTS માર્ગ પર માધાપર ચોકડીથી ગોંડલ રોડ ચોકડી સુધીના સાડાદસ કિ.મી.ના અંતરમાં વાતાનુકૂલિત આધુનિક બસ દોડાવવામાં આવી રહી છે. હાલનાં તબક્કે ૧ ઓકટોબર ૨૦૧૨ થી શહેરીજનોને ફ્રી બી.આર.ટી.એસ. બસ સર્વીસ પૂરી પાડવામાં આવી રહી છે. જેમાં અત્યાર સુધીમાં અંદાજે ૧૫,૦૦,૦૦૦ થી વધુ મુસાફરોએ બી.આર.ટી.એસ. સુવિધાનો ઉપયોગ કરેલ છે. હાલ કુલ ૫ બસો બી.આર.ટી.એસ. અંતર્ગત ચાલી રહી છે ચાલુ માસનાં અંત સુધીમાં વધુ ૩ બસોનો ઉમેરો થશે જેથી લોકોને દર ૮ મીનીટે બી.આર.ટી.એસ. બસ સેવા ઉપલબ્ધ થશે. ૧૫ ફેબ્રુ. ૨૦૧૨ સુધીમાં વધુ ૨ + ૧ (સ્ટેન્ડ બાય) બસ ઉમેરી કુલ ૧૦ બસ બી.આર.ટી.એસ. પર ચલાવવામાં આવશે જેથી દર ૫ મીનીટે મુસાફરોને બસ સુવિધા ઉપલબ્ધ થશે.

મહાપાલિકા BRTS પ્રોજેક્ટના વિસ્તૃતિકરણની દિશામાં આગળ ધપી રહી છે. આગામી સમયમાં શહેરની ફરતે રીંગ રોડ પર તેમજ શહેરનાં ઇસ્ટ - વેસ્ટ અને નોર્થ–સાઉથ છેડાને જોડતા મુખ્ય રસ્તાઓ પર અલગ અલગ ત્રણ કોરીડોરમાં આયોજન કરવામાં આવ્યું છે. જેની કુલ લંબાઇ ૮૫.૫૦ કી.મી. થશે. જેમાં ઇસ્ટ-વેસ્ટ કોરીડોર (સંતકબીર રોડ તથા પેડક રોડ ઉપર થઇ કાલાવડ રોડ તરફ) તથા નોર્થ-સાઉથ કોરીડોર (ગોંડલ રોડ, ઢેબર રોડ થઇ જામનગર રોડ)નું આયોજન છે. આ બંને કોરીડોર શહેરના મુખ્ય ભાગમાંથી પસાર થતા હોવાથી મહતમ શહેરીજનોને તેનો લાભ મળી રહેશે. આ માટે પ્રારંભિક તબક્કામાં કુલ રૂા.૧૦૦૦ લાખની જોગવાઇ કરેલ છે. BSRTSનાં ઓપરેશન્સ તથા મેઇન્ટેનન્સ માટે રજીસ્ટર્ડ કરાયેલ રાજકોટ રાજપથ લી. નામની કંપનીને મહાપાલિકા દ્વારા રૂ.૪૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવનાર છે. આ ઉપરાંત આ કંપનીને જાહેરાત, ટીકીટ કલેક્શન, ફ્લાયઓવર નીચેની જગ્યામાં પે એન્ડ પાર્ક, તથા BRTS ટ્રેક પર વધારાની એફ.એસ.આઈ. મારફત વધારાની

આવક થશે. મહાપાલિકા શહેરીજનોને BRTS ઉપરાંત સીટી બસ સેવાનો પણ લાભ આપવાનું આયોજન ધરાવે છે. અને હાલ તેની પ્રક્રિયા ચાલુ છે.

❖ **ગાર્ડન**

બાગ બગીચા ક્ષેત્રે પણ મહાપાલિકાની કામગીરી પ્રશંસનીય રહી છે. શહેરીજનોને પોતાના વિસ્તારોમાં નજીકમાં જ બાગ-બગીચા અને બાલક્રિડાંગણની સુવિધા મળી રહે તે જોવા ભાજપના શાસકો પ્રતિબદ્ધ છે. આગામી વર્ષમાં પણ આ કામગીરી આગળ ધપાવવા આવશે. જેમાં આજી, ન્યારી ડેમની જગ્યાઓ પર બાલક્રિડાંગણ સહીત બગીચાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. પૂર્વ ઝોનમાં ગ્રીનલેન્ડ ચોકડી, મોરબી રોડ કોઠારીયા રોડનાં ૬ પ્લોટ્સ, પશ્ચિમ ઝોનમાં રવિપાર્ક, ગાંધીગ્રામ, નાનામવા રોડ સહીત ૪ પ્લોટ્સ, સેન્ટ્રલ ઝોનમાં પારડી રોડ સહીત ૪ પ્લોટ્સ એમ કુલ ૧૪ સ્થળોએ બાગ-બગીચા બનાવવામાં આવશે.

❖ **પ્રાણી સંગ્રહાલય**

દેશમાં નમૂનારૂપ ઝૂ બનવા ભણી આગળ ધપી રહેલ રાજકોટ ઝૂલોજીકલ પાર્કને વધુને વધુ આકર્ષણરૂપ બનાવવા મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષમાં ઝરખ , સફેદ વાઘ, શિયાળ, લોમડી. વરૂ, ઘુડખર, માછલીઘર, સર્પઘર, સ્મોલ કેટ, ફિઝન્ટનાં પાંજરા બનાવી વન્યપ્રાણીઓ વસાવવામાં આવશે. મુલાકાતીઓ માટે આકર્ષક ઇન્ટરપ્રીટેશન સેન્ટરનું બાંધકામ કરવામાં આવશે. જેમાં પ્રાણીઓની વિવિધ પ્રજાતિઓની રહેણીકરણી અને સ્વાભાવ વિષેની રસપ્રદ જાણકારીઓ મુલાકાતીઓને મળી શકશે. મુલાકાતી તથા વન્યપ્રાણીઓને કાયમી ધોરણે પીવાલાયક ફિલ્ટર પાણી મળી રહે તે માટે જી.એસ.આર., ઇ,એસ.આર., બનાવી તથા પમ્પીગ સ્ટેશન ઉભુ કરી પાણી વિતરણ કરવા પાઇપલાઇન નાખવામાં આવશે. આ કાર્યો માટે કુલ રૂ.૮૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

❖ **નયનરમ્ય શહેર**

રાજકોટ શહેર આંખને જોવું ગમે તેવું બની રહે તે માટે ઘનિષ્ઠ વૃક્ષારોપણ, રોડ સાઈડ પ્લાન્ટેશન, ડીવાઈડરમાં પ્લાન્ટેશન, ટ્રાફિક સર્કલ અને જંકશનમાં બ્યુટીફિકેશનની કામગીરી થશે. આ માટે ચાલુ વર્ષમાં રૂ.૧૭૫ લાખ ફાળવવામાં આવ્યા છે.

❖ **સ્કૂલ અને આંગણવાડી તથા મધ્યાહ્ન ભોજન**

શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને પોષણયુક્ત આહાર અને સારું શિક્ષણ ઉપલબ્ધ બનાવી શહેરની બૌધિક સંપદાના વિકાસ માટે મહાનગર પાલિકા અને શાળા બોર્ડના શાસકો હરહંમેશ ચિંતિત અને પ્રયત્નશીલ રહ્યા છે.

આગામી વર્ષમાં પણ મહાપાલિકા દ્વારા નવી આંગણવાડીઓ, મધ્યાહ્ન ભોજન યોજના માટે મધ્યવર્તી રસોડું અને નવી પ્રાથમિક શાળાઓ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે જેમાં આવતા વર્ષે ૫૦ અને ત્યારબાદ બીજા બે વર્ષમાં ૨૦૦ મળી કુલ ૨૫૦ આંગણવાડી કેન્દ્રો માટે નવા મકાનનું બાંધકામ કરવાનું આયોજન હાથ ધરાયું છે. જે માટે આગામી વર્ષમાં રૂ.૫૫૧ લાખનાં ખર્ચનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાનાં શાળા બોર્ડ વિભાગ દ્વારા તમામ શાળાનું નિભાવ મરામત તેમજ જુની શાળાનાં મકાનની જગ્યાએ ક્રમશ: નવા મકાન તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે માટે ચાલુ વર્ષેમાં આશરે રૂ.૬૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. તેમજ આગામી વર્ષમાં કુલ રૂ.૧૩૩૯ લાખના ખર્ચની જોગવાઇ કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકાનાં શાળા

બોર્ડ વિભાગ દ્વારા મધ્યાહ્ન ભોજન વ્યવસ્થાને મધ્યવર્તી કરવામાં આવેલ છે .જેમા મળેલ સફળતાને લઇ મધ્યાહ્ન ભોજન વ્યવસ્થાને વધુ સારી અને સગવડતા સભર બનાવવા માટે મધ્યવર્તી આધુનિક રસોડાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે .જેમાં આધુનિક મશીન દ્વારા તૈયાર કરવામાં આવતી રસોઇ શાળાઓ સુધી પહોંચાડવામાં આવશે જેથી શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ બાળકોને આરોગ્યપ્રદ અને ઉચ્ચ ગુણવત્તા યુક્ત ભોજન પૂરુ પાડી શકાશે .આ સમગ્ર પ્રોજેક્ટ અગામી વર્ષેમાં પૂર્ણ થશે .તે માટે રીવાઇઝડ વર્ષમાં રૂ.૧૦૦ લાખ અને આગામી વર્ષે ૨૦૧૩-૧૪ નાં બજેટમાં રૂ.૩૦૦ લાખની જોગવાઇ કારવામાં આવી છે. આ ઉપરાંત આંગણવાડીનાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તે માટે અવનવા રમકડાની સુવિધા ઉપલબ્ધ બનાવવા રૂ.૫ લાખની જોગવાઈ કરી છે.

❖ **આરોગ્ય સેવાઓ**

શહેરીજનોનાં સ્વાસ્થ્ય માટે સતત ચિંતિત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય સેવાઓનો વ્યાપ વધુ વિસ્તૃત બનાવવાની નેમ સાથે આગામી વર્ષમાં આરોગ્ય સેવાઓ વિસ્તૃતિ કરણનાં ભાગ રૂપે ત્રણ નવા આરોગ્ય કેન્દ્ર બાંધવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. અર્બન મેલેરિયા સ્કીમ હેઠળના શહેરના વાહકજન્ય રોગોનું સર્વેલન્સ તથા લોહીના નમુનાની કામગીરી વિશેષ કરવામાં આવશે. આ ઉપરાંત હડકવા વિરોધી રસી અને રૂટીન રસીકરણની પેન્ટાવેલન્ટ રસીઓની સેવાઓ આગામી વર્ષે યથાવત ચાલુ રહેશે.

❖ **હોસ્પિટલોને આર્થિક સહાય**

શહેરીજનોનાં સ્વાસ્થ્ય પ્રત્યે શાસકો હરહંમેશ ચિંતિતિ રહયા છે. ખાસ કરીને ગંભીર બીમારી અને દર્દોની અતિ ખર્ચાળ સારવાર મેળવવાનું સામાન્ય માનવી માટે દુષ્કર બન્યું છે ત્યારે શાસકોએ હોસ્પિટલોને દર વર્ષે અપાતી આર્થિક સહાયમાં નોંધપાત્ર વધારો કરવાનો નિર્ણય કાર્યો છે. લોકોને, ખાસ કરીને આંખની બીમારીથી ત્રસ્ત દર્દીઓનાં હિતમાં ભાજપનાં શાસકોએ અનુદાન મેળવતી હોસ્પિટલમાં આંખની સારવાર અર્થે શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલનો ઉમેરો કરવાનું પણ નક્કી કર્યું છે, અને તેને રૂ.૨૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત કિડનીને લગત રોગોની સારવાર અર્થે B.T. સવાણી હોસ્પિટલને આપાતી રૂ.૨૦ લાખની રકમમાં રૂ.૧૦ લાખનો વધારો કરી રૂ.૩૦ લાખની ગ્રાન્ટ મંજુર કરાઇ છે, તો કેન્સર જેવા ગંભીર રોગની સારવાર માટે કેન્સર હોસ્પિટલને રૂ.૩૦ લાખની ગ્રાન્ટ તથા હાર્ટની સારવાર માટે શ્રી સત્યસાંઈ હાર્ટ હોસ્પિટલને રૂ.૪૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

❖ **ભૂગર્ભ ગટર**

શહેરનાં વિકસી રહેલા વિસ્તારોમાં તથા બાકી રહી ગયેલા એરિયાઓમાં રસ્તા અને પાણીની સુવિધા ઉપલબ્ધ બનવવાની સાથો સાથ વપરાશી પાણીનાં નિકાલ માટે ભૂગર્ભ ગટર યોજનાની સેવાઓ પણ ક્રમશઃ આપવામાં આવી રહી છે. ભૂગર્ભ ગટર પાઈપલાઈનનાં નેટવર્ક વિસ્તૃતીકરણની સાથોસાથ, પમ્પીંગસ્ટેશનો તથા આવશ્યકતા મુજબ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવી રહયા છે. JnNURM હેઠળ મંજૂર થયેલ ડ્રેનેજ પ્રોજેકટ ફેઈઝ-૨ પાર્ટ-૧ અંતર્ગત માધાપર ખાતે ૪૪.૫ એમ.એલ.ડી. ક્ષમતાનો વધારાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણતાના આરે છે. આ કામના ખર્ચની જોગવાઈ વર્ષ ૨૦૧૩-૧૪ ના બજેટમાં કરવામાં આવેલ છે.

ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૨, પાર્ટ-૨ હેઠળ (વોર્ડ નં. ૨, ૩, ૫, ૬, ૧૬, ૧૭, ૧૮-પાર્ટ, ૨૩-પાર્ટ માટે) રૂા.૧૯૨ કરોડનો ડી.પી.આર. JnNURM હેઠળ મંજુર થયેલ છે. જે અંતર્ગત ડ્રેનેજ કલેકટીવ સીસ્ટમ (મેઈન પાઈપલાઈન), રાઈઝીંગ મેઈન પાઈપ લાઈન નાખવાની તથા ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનોના બાંધકામની કામગીરી હાલ ચાલુ છે. જેમાં ૮ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો તથા ૭૦ એમ.એલ.ડી. ક્ષમતાનો ૧ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ગવરીદડ ખાતે બનાવવામાં આવશે.

ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૩, પાર્ટ-૨ હેઠળ ((રૈયા-પાર્ટ, નાના મવા-પાર્ટ, મવડી-પાર્ટ - મુખ્યત્વે હાલના વેસ્ટ ઝોન પૈકીના બાકી રહેતા વિસ્તાર વોર્ડ નં. ૧-પાર્ટ, ૧૧-પાર્ટ, ૧૩-પાર્ટ, ૨૧-પાર્ટ માટે) રૂા.૧૫૨ કરોડનો ડી.પી.આર. તૈયાર કરાયેલ છે. અને "સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" (SJMMSVY) હેઠળ આ યોજનાની કામગીરી હાલ ચાલુ છે. જે અંતર્ગત ડ્રેનેજ કલેકટીવ સીસ્ટમ (મેઈન પાઈપલાઈન) નાખવાની કામગીરી હાલ ચાલુ છે. જેમાં ૪ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો તથા ૫૬ એમ.એલ.ડી. ક્ષમતાનો ૧ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૈયા ધાર ખાતે બનાવવામાં આવશે.

❖ ડ્રેનેજ ડીસીલ્ટીંગ માટે નવું સ્પેશીયલ વાહન

ડ્રેનેજને લગત ફરિયાદોનાં ઝડપી નિવારણ માટે સ્થાયી સમિતિ ડ્રેનેજ ડીસીલ્ટીંગ માટેના રોબર્ટ ટાઈપ સુપર ક્લીનર, સુપર સકર મશીન વસાવવાનું નક્કી કરેલ છે જેના માટે રૂ.૧૫૦ લાખની જોગવાઈ કરી છે.

❖ આવાસ

રાજકોટ શહેરમાં આપણું પોતાનું ઘર મેળવવું કે હોવું એ નસીબની વાત છે. કેટલાક લોકો માટે માલિકીનું આવાસ આજે પણ સ્વપ્ન બની રહ્યું છે. મહાપાલિકા આવા જરૂરીયાતમંદ લોકોની વહારે આવવા સતત તત્પર રહી છે. અત્યાર સુધીમાં હજારો લોકોને આશ્રય આપી ચુકેલ મહાપાલિકા આગામી સમયમાં બી.એસ.યુ.પી.-III અંર્તગત ઇન-સીટૂ ધોરણે કુલ ૨૬૨૪ આવાસ રૈયા, કુબલીયાપરા અને રૂખડીયાપરા વિસ્તારમાં બનાવાશે. આ યોજનાનો કુલ ખર્ચ રૂા.૮૨.૭૪ કરોડ મંજૂર થયેલ છે. એક આવાસનો ખર્ચ રૂા.૩.૩૭ લાખ થશે. આ યોજના અંર્તગત ચાલુ વર્ષ રૂા.૫૦૦ લાખ અને વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૫૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

ભાજપનાં શાસકોએ એક ખાસ પગલાં રૂપે સફાઈ કામદારોને પણ પોતાની માલિકીનું ઘર મળી રહે તે માટે ૩૫૦ આવાસોનો પ્રોજેક્ટ હાથ ધરવાનો પણ નિર્ણય કર્યો છે.

આ ઉપરાંત અન્ય એક પ્રોજેક્ટ સાથે આગળ ધપી રહેલ મહાનગરપાલિકા રાજીવ આવાસ યોજના (RAY) હેઠળ શહેરને ઝુંપડપટ્ટી મુક્ત બનાવવા સ્લમ ફ્રી સિટી પ્લાનીંગનાં ભાગ રૂપે શરૂઆતી તબક્કામાં કોઇ એક ઝુંપડપટ્ટી વિસ્તારમાં આગામી વર્ષે 300 જેટલા આવાસોનો પાયલોટ પ્રોજેક્ટ બનશે. જે માટે ડીપીઆર બનાવી રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારમાં મંજુરી અર્થે રજુ કરવાનો રહેશે. આ તમામ કામગીરીને અનુલક્ષી રાજીવ આવાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩માં રૂા.૧૩૧ લાખ જેટલો ખર્ચ કરવામાં આવેલ છે તેમજ વર્ષ ૨૦૧૩-૧૪નાં બજેટમાં રૂા.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

❖ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના

રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરદર્શિતાનું જ્વલંત પરિણામ એટલે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના. રાજ્યસરકારશ્રી દ્વારા આ યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં અનેક વિકાસ કાર્યો

કરવામાં આવ્યા છે. આગામી વર્ષે રાજકોટ મહાનગરપાલિકા પણ આ યોજનાની મદદથી તેમજ જનભાગીદારી થકી કુલ રૂ.૨૦૦૦ લાખનાં પ્રોજેક્ટ કરવાનું આયોજન ધરાવે છે.

❖ **સાંસ્કૃતિક પ્રવૃત્તિ**

વર્ષ દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમોનો સીલસીલો અવિરત ચાલુ રાખવા આગામી વર્ષનાં બજેટમાં પણ રૂ.૧૫૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્ય સરકારશ્રીની મહિલા સશક્તિકરણ અંગેની મહત્વકાંક્ષી યોજના 'મિશન મંગલમ' હેઠળ નવા વર્ષમાં વધુ ૫૦૦ જેટલા સેલ્ફ હેલ્પ ગૃપ રચવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. આ સેલ્ફ હેલ્થ ગૃપની બચત સામે રૂા.૨૫૦૦૦ નું મહત્તમ રીવોલ્વીગ ફંડ ગ્રાન્ટ સ્વરૂપે ફાળવવામાં આવશે. આ ગૃપને બેંક મારફત ધિરાણ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

❖ **મલ્ટીએક્ટીવીટી સેન્ટર અને ઓડીટોરીયમ**

રાજકોટનાં લોકો સાનુકુળતા પૂર્વક ઓછા ખર્ચે સામાજિક પ્રસંગો કે કાર્યક્રમો યોજી શકે તે માટે કોમ્યુનીટી હોલ અને ઓડિટોરિયમનાં બાંધકામ કરવામાં આવી રહ્યા છે. આગામી વર્ષમાં ચાર નવા કોમ્યુનીટી હોલ બાંધવામાં આવશે તેમજ પૂર્વ અને પશ્ચિમ ઝોનનાં ઓડિટોરિયમનો પ્રોજેકટ આગામી વર્ષે પૂર્ણ થશે આ માટે રીવાઇઝડ બજેટમાં રૂા.૬૯૬ લાખ તેમજ આગામી વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માં રૂા.૨૭૧૫ લાખની માતબર જોગવાઇ કરવામાં આવી છે.

❖ **સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ**

રાજકોટ શહેર તેની સ્વચ્છતા માટે રાષ્ટ્રમાં વિખ્યાત છે. સફાઈની દ્રષ્ટીએ રાજકોટ મહાનગરપાલિકાને કેન્દ્ર સરકારનો એવોર્ડ પણ મળેલ છે. ભારતમાં ટોપ-૧૦ સ્વચ્છ શહેરોમાં સ્થાન ધરાવતા રાજકોટમાં હાલમાં અનેક વિસ્તારોમાં મિત્ર મંડળ દ્વારા ઘરે ઘરેથી કચરાનું એકત્રીકરણ તથા માર્ગોની સફાઇ કરવાની કામગીરી કરવામાં આવે છે. તેને માટે બજેટમાં રૂા.૭૯૦ લાખની રકમ ફાળવવામાં આવી છે. રાજકોટ શહેરના તમામ વિસ્તારમાં કુલ-૫૩ સખી મંડળ દ્વારા ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી માટે રૂા.૧૯૦ લાખ ફાળવવામાં આવેલ છે. મહાનગરપાલિકા રાજકોટ શહેરને કચરાપેટી વિહિન કરવાનાં આયોજનનાં ભાગરૂપે પ્રથમ પ્રયોગ રૂપે હાલમાં વોર્ડ નં. ૦૨,૧૦,૦૭,૧૬,૧૭ અને ૨૩ આમ કુલ -૦૬ વોર્ડમાં ૪૨-નંગ મીનીટીપર દ્વારા ઘરે-ઘરેથી કચરો એકઠો કરવામાં આવે છે. આ વોર્ડમાં કચરાપેટીની સંખ્યા ૮૦% સુધી ઘટાડવામાં આવી છે. આ જ પધ્ધતિને આગળ વધારતા આગામી વર્ષે વધારાના ૦૬-વોર્ડમાં નંગ-૫૦ મીનીટીપર દ્વારા ઘરે ઘરેથી કચરો એકઠો કરવા માટેના ખર્ચની આગામી બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

હાલમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટ્રક માઉન્ટેડ વેકયુમ મશીન નંગ - ૦૩ ખરીદવામાં આવ્યા છે. આ સ્વીપીંગ મશીનની મદદથી રાજકોટના મુખ્ય માર્ગોના ડીવાઇડરોની સફાઇ ખૂબજ સારી રીતે થાય છે. આ મશીનમાં પણ "જી.પી.એસ." સીસ્ટમ લગાડવામાં આવી છે. આગામી બજેટમાં વધારાના ટ્રક માઉન્ટેડ વેકયુમ મશીન નંગ - ૦૪ ખરીદવામાં આવનાર છે.

આગામી બજેટમાં પ્રથમવાર કલોઝડ કન્ટેનર લીફટીંગ કોમ્પેકટર મશીન નંગ-૦૨ ખરીદ કરવાની જોગવાઇ કરવામાં આવી છે. આ કોમ્પેકટર મશીનથી એક સાથે પાંચ થી છ બંધ કચરાપેટીનો કચરો ઉપાડી શકાશે.

"સ્વર્ણિમ ગુજરાત" અંતર્ગત રૂા.૨૦૫૦ લાખના ખર્ચે આગામી સાલ દરમ્યાન નવા ટ્રક માઉન્ટેડ સ્વીપીંગ મશીન-૦૪, બંધ કચરાપેટી-૨૦૦ નંગ, મીનીટીપર ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન માટે-૫૦ નંગ, કોમ્પેકટર મશીન-૦૨ નંગ, વ્હીલબરો-૫૦૦ નંગ, ડમ્પર પ્લેસર-૦૮ નંગ, ૧૪ કયુબીક મીટર ડમ્પર -૦૬ નંગ, ૧૦કયુબીક મીટર ડમ્પર-૦૬ નંગ, ૦૪ કયુબીક મીટર ટીપર-૦૫ નંગ, ટ્રેકટર-ટ્રોલી-૦૨ નંગ, ઓપન ડેફીકેશન કલીનીંગ મશીન-૦૬ નંગ, લોડર કમ એસ્કેવેટર-૦૪ નંગ ખરીદવામાં આવનાર છે.

હાલમાં બંને ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનનું રૂા.૭૦૦ લાખના ખર્ચે આધુનિકરણ કરી સેમી-કલોઝડ રીફયુઝ ટ્રાન્સફર સ્ટેશનમાં કન્વર્ટ કરવાની કામગીરી હાથ ધરાશે. રાજકોટ મહાનગરપાલિકાની રજિસ્ટર્ડ સોસાયટીઓની સફાઇલક્ષી કામગીરી માટે સોસાયટીઓને ગ્રાન્ટ પેટે રૂા.૭૫ લાખની રકમ ફાળવવામાં આવશે.

❖ **સ્પેશિયલ વાહન મીડીયમ ટીપર**

શહેરમાં વસતા માલધારીઓને ત્યાંથી છાણ,ઘાસ વિગેરે કચરો ઉપાડવા માટે પાઈલોટ પ્રોજેક્ટ તરીકે રૂ.૨૦ લાખનાં ખર્ચે "મીડીયમ ટીપર" ખાસ પ્રકારનું વાહન વસાવવામાં આવશે. જેનાથી ગંદકીની સમસ્યા પણ દુર થશે.

❖ **ઈલેક્ટ્રીક તથા ગેસ આધારિત સ્મશાન**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હયાત સુવિધાઓમાં સુધારાવધારા અને નવી સુવિધાઓ ઉભી કરવા થઇ રહેલા આયોજનોમાં ચાલુ વર્ષમાં રામનાથપરા સ્મશાનમાં હાલની સુવિધામાં વધારો કરી ગેસ આધારિત એક યુનિટ તેમજ વધારાનાં બે વિજળી શક્તિ આધારીત યુનિટનું કામ હાથ ધરવામાં આવેલ છે. વધુમાં રૈયાખાતે ગેસ આધારીત સ્મશાન બનાવવા માટે વહિવટી કાર્યવાહી શરૂ થયેલ છે. તેમજ પૂર્વ ઝોનમાં મોરબી રોડ પર વધુ એક ગેસ આધારિત સ્મશાન બનાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સ્મશાનમાં અગ્નિસંસ્કાર થતા હોય ત્યારે દૂર દેશ વિદેશમાં વસતા સ્વજનો અંતિમ વિધિ નિહાળી શકે તે માટે લાઇવ વેબ કાસ્ટીંગની સુવિધા રામનાથપરા તેમજ મોટા મૌવા સ્મશાનમાં આ વર્ષે જ કાર્યાવિન્ત થઇ જશે. આ કામો માટે આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૫૦૦ લાખની ફાળવણી કરાયેલ છે.

❖ **સ્ટ્રીટ લાઈટ**

રાજકોટ શહેરનાં એવા વિસ્તાર બહુ જુજ જોવા મળશે કે જ્યાં સ્ટ્રીટલાઇટની સુવિધા હજુ આપવાની બાકી હોય. જો કે રાજકોટ મહાનગરપાલિકા કમશઃ આવા વિસ્તારોને ઝળહળતા કરી રહી છે. હાલમાં શહેરમાં અંદાજીત ૪૩,૭૦૦ નંગથી વધુ સ્ટ્રીટલાઇટ છે. તેમજ આગામી વર્ષમાં અંદાજીત ૩૦૦૦ નંગ નવી સ્ટ્રીટલાઇટ ઇન્સ્ટોલ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

❖ **નવા રોડ પર કલાત્મક LED લાઈટનાં પોલ**

ડો.યાજ્ઞિક રોડ પર જાગનાથ પોલીસ ચોકીથી ટાગોર રોડ સુધી નવા વિકસી રહેલા ૬૦ ફૂટ પહોળાઈનાં માર્ગ પર પાઈલોટ પ્રોજેક્ટ રૂપે રૂ.૧૦ લાખનાં ખર્ચે કલાત્મક LED લાઈટનાં પોલ મુકવામાં આવશે.

❖ **ન્યારી ડેમ તથા આજી ડેમ એમ્યુઝમેન્ટ પાર્ક**

આજી ડેમ અને ન્યારી ડેમ રાજકોટ શહેરનાં એવા સ્થળો છે જ્યાં લોકો રજાનાં સમયે હરવા-ફરવાનું પસંદ કરે છે. પ્રાકૃતિક સૌન્દર્ય ધરાવતા આ બન્ને સ્થળોને વધુ લોકપ્રિય અને આકર્ષક તથા વધુ મનોરંજનપ્રદ બનાવવાનું આયોજન મહાનગરપાલિકા આગળ ધપાવી રહી છે. ન્યારી ડેમ શહેરના પશ્ચિમ ૮ કી.મી ના અંતરે આવેલ છે.

ન્યારી ડેમ સાઇટની ડાઉન સ્ટ્રીમ સાઇટમાં ખૂબ જ રમણીય એવો આશરે ૪.૫ કિ.મી x ૧૫૦ મીટર વિસ્તાર રા.મ.ન.પા..ની માલિકીનો છે, આ ઉપરાંત ૩૯.૦૩ હેક્ટર જમીન રૂડા દ્વારા ડેવલપમેન્ટ પ્લાનમાં આરક્ષિત રાખવામાં આવેલ છે. જે રાજકોટ મહાનગરપાલિકાને મળી શકે તેમ છે. આ જગ્યામાં (૧) સાયન્સ પાર્ક, (૨) એમ્યુઝમેન્ટ પાર્ક, (૩) થીમ પાર્ક, (૪) યોગા સેન્ટર (૫) બોટીંગ એન્ડ મ્યુઝીકલ ફાઉન્ટેન, (૬) ફૂટ કોર્ટ,(૭) વોકીંગ એન્ડ જોગીંગ ટ્રેક (૮) ફૂટ બ્રીજ અને (૯) વિશાળ પાર્કીંગ અને આવવા જવા માટે સુવિધા પૂર્ણ બે માર્ગીય રોડનું આયોજન કરવામાં આવેલ છે. ન્યારી ડેમ ઉપરાંત શહેરના પૂર્વ છેડે આવેલ આજી ડેમ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનું એકવેરીયમ બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સંપૂર્ણ પ્રોજેકટ પી.પી.પી./બી.ઓ.ટી ના ધોરણે કરવાનું આયોજન છે. હાલ આ પ્રોજેકટ અન્વયે ડેવલપરની નિમણુંકની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

❖ **રેસકોર્ષ રી-ડેવલોપમેન્ટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની મધ્યમાં આવેલા રેસકોર્ષ ગાર્ડનનો નવેસરથી વિકાસ કરવાનું શાનદાર આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ માટે કન્સલ્ટન્ટની નિમણુંક કરવામાં આવેલ છે. કન્સલ્ટન્ટશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રોજેકટ રીપોર્ટ અનુસાર આ કામે આગામી વર્ષમાં કુલ રૂ. ૪૦૦૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

❖ **જાહેર સલામતી**

રાજકોટ મહાનગરપાલિકાનાં ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ ડીપાર્ટમેન્ટને વધુ સાધનસક્ષમ બનાવવા કોઠારીયા રોડ ખાતે નિર્માણાધીન નવું ફાયર સ્ટેશન ટૂંક સમયમાં જ કાર્યાન્વિત થઇ જશે. આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં વધુ બે નવા ફાયર સ્ટેશન અનુક્રમે ૧૫૦ ફુટ રીંગ રોડ અને રેલનગરમાં બાંધવાનું આયોજન છે. આ ઉપરાંત નવા વાહનો પૈકી ચાર નવા ફાયર ટેન્ડરની ખરીદીનો પ્રસ્તાવ પણ કમિશનરશ્રીએ રજુ કર્યો હતો. તેમજ બીમાર પેશન્ટની સવલત અર્થે નવી ચાર એરકન્ડીશન્ડ એમ્બ્યુલન્સ વસાવવાનું નક્કી કર્યું છે. ડેડબોડી માટે ત્રણ નવી વાન પણ ખરીદ કરવામાં આવશે. બે ફાયર સ્ટેશનનાં બાંધકામ માટે રૂા.૨૫૦ લાખ અને વાહન/સાધન ખરીદી માટે રૂા.૨૬૦ લાખની જોગવાઇ મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના હેઠળ કરવામાં આવી છે.

❖ **જી.આઈ.એસ.**

